Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૭ મું. સંવત ૨૦૦૬.

આત્મ સં. ૫૪

અંક ૩ જો. તા. ૧-૧૧-૪૯ આસો-કાર્તિક.



વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી પાર્શ્વજિનેશ્વર સ્તવન... ... ... | ( મુનિરાજશ્રી જંબૂવિજયજી મ. ) | ૪૯ |
| ૨ | દેવગિરિ ... ... ... ... | ( ,, ) | ૫૦ |
| ૩ | દેવદુંદુભી નાદ ... ... ... ... | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૫૬ |
| ૪ | તત્ત્વાવબોધ ... ... ... ... | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસુરિજી મ.) | ૫૭ |
| ૫ | માનવદેહ ... ... ... ... ... | ( મુનિરાજશ્રી જિજ્ઞાસુ ) | ૪૨ |
| ૬ | કામધેનુ અને તેના પર્યાયો ... | ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા એમ. એ. ) | ૩૯ |
| ૭ | મહાભારતના એક પ્રસંગનું દષ્ટાંત | ( શ્રીમતી કમળાબહેન સુતરીયા એમ. એ. ) | ૬૨ |
| ૮ | **ચારૂશિલા** ... ... ... ... | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૬૩ |
| ૯ | આધ્યાત્મિક સમીકરણ ... ... ... ... | ( અનુ૦ અભ્યાસી બી. એ. ) | ૬૬ |
| ૧૦ | યુગવીર, જૈનસમાજના જ્યોતિર્ધર શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો ૮૦ મા વર્ષમાં ( કારતક શુદ ૨ ના રોજ ) પ્રવેશ ... ... ... ... ... | | ૬૯ |
| ૧૧ | પરમશ્રદ્ધાળુ જૈન નરરત્ન રાવબહાદુર શેઠ જીવતલાલ પ્રતાપશીનું શ્રી શત્રુંજય તીર્થની સાનિધ્યમાં વ્યવહાર, વ્યાપાર–ઉદ્યોગ સર્વનો ત્યાગ કરી નવલાખ નવકાર મંત્રના જાપ અર્થે થયેલું પ્રયાણ ... ... ... ... ... | | ૭૦ |
| ૧૨ | વર્તમાન સમાચાર, પાર્શ્વનાથ ચરિત્ર માટે અભિપ્રાયો... ... ... ... | | ૭૧ |
| ૧૩ | જૈન સમાજની મહાનવિભૂતિ આચાર્યદેવ શ્રીવિજયનેમિસુરીશ્વરજીનો દીવાળી ( શ્રી મહાવીર નિર્વાણ દિને ) થયેલો સ્વર્ગવાસ ... ... ... ... | | ૭૨ |


## આ માસમાં થયેલા માનવંતા લાઇફ મેમ્બરો.

૧ શેઠશ્રી નગીનદાસભાઈ કરમચંદ પેટ્રન ( પરિચય હવે પછી )

| | | | |
|---|---|---|---|
| ૨ શાહ કાન્તિલાલ ઉજમલાલ | લાઇફ મેમ્બર | ૮ નવનીતલાલ છોટાલાલ સુતરીયા | લાઇફ મેમ્બર |
| ૩ શ્રી પ્રવચન પૂજક સભા | ,, | ૯ શ્રી સારાભાઇ પોપટલાલ ગજરાવાલા | ,, |
| ૪ શાહ રમણલાલ ભીખાભાઇ | ,, | ૧૦ રમણીકલાલ મ. કોઠારી | ,, |
| ૫ ડુંગરશી ચાંપશી માલાણી | ,, | ૧૧ શ્રીમતી નેણબાઇ પ્રેમજી | ,, |
| ૬ અમૃતલાલ છગનલાલ કુવાડીયા | ,, | ૧૨ શાહ ઉત્તમચંદ હરગોવંદ | ,, |
| ૭ શાહ પુખરાજ મુલચંદ | ,, | ૧૩ શાહ ભાનુચંદ્ર પરશોતમદાસ | વાર્ષિકમાંથી |

## આવકારદાયક સમાચાર

આ સભા તરફથી ગતિમાન થયેલ ( અનેકાન્તવાદ વિષય લખવા માટેની ) ઇનામી નિંબંધની યોજના અને એ રીતે દર વર્ષે જૈન સસ્તું સાહિત્ય પ્રકાશનના શરૂ કરેલ કાર્યો માટે જૈન મુનિ મહારાજાઓ. જૈન અને જૈનેતર વિદ્વાનો તરફથી આવકારદાયક–પ્રશંસાના તેમજ સહકારના પત્રો મળ્યે જાય છે. આ જૈન ધર્મનો મહાન અખંડ-સિદ્ધાંત ( અનેકાન્તવાદ ધર્મ ) ઉપર નિબંધ લખવા તેમજ તે સંબંધી સલાહ, સુચના વગેરે આપવા વિદ્વાનો-વિચારકો, અભ્યાસીઓ વગેરે મહાશયોને વિનંતિ કરીયે છીયે. જેઓ સાહેબોને નિબંધ લખવા આમંત્રણ આપ્યા છે તેમાંથી અમુક નિબંધો મળતા જાય છે, જેથી જેઓ સાહેબો તે નિબંધો તૈયાર કરતા હોય તેમણે તરદી લઇ વેળાસર મોકલવા વિનંતિ છે.

**જૈન સસ્તુ સાહિત્ય પ્રકાશન કમિટી.**
( શ્રી જૈન આત્માનંદ સભા. )

**આભાર**—શ્રી સીપોર જૈન સંઘ તરફથી શાહ પોપટલાલ ડોસાભાઈએ ત્યાં બિરાજતા મુનિરાજ શ્રીવિનયવિજયજી મહારાજનાં સદુપદેશથી રૂા. ૧૫) પંદર મનીઓર્ડરથી શ્રી આત્માનંદ પ્રકાશને ભેટ મોકલ્યા છે તે માટે આભાર માનવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૬. આસો–કારતક પુસ્તક ૪૭ મું.

વિક્રમ સં. ૨૦૦૬. :: તા. ૧ લી નવેમ્બર ૧૯૪૯ :: અંક ૩ જો.


## श्री पार्श्वजिनेश्वर स्तवन.

( રાગ-લાખ લાખ દીવડાની આરતિ ઉતારજો. )

લાખ લાખ વાર પ્રભુ વંદના સ્વીકારજો,
  **પાર્શ્વજિણંદા** ભગવાન.......................
            ઉછળે છે ઊર્મિ આનંદની

મનોમંદિરે મારા નિત્ય બિરાજજો;
  ધ્યાન ધરું છું એકતાન....................ઉછળે છે૦ ૧

ચંદ્રવદન તારી મૂર્તિ વિભાસે,
અંતરતિમિર હરી જ્યોતિ પ્રકાશે;
  અનંતલબ્ધિ નિધાન.........................ઉછળે છે૦ ૨

કરુણા નજર કરી પ્રભુજી નિહાળજો,
ભવ અનાદિનો ફેરો એ ટાળજો;
  કરુણાનિધિ ભગવાન.......................ઉછળે છે૦ ૩

નયનો નિરંતર જોવા હરખાય છે,
રસના સદા ગુણ ગાવા લલચાય છે;
  ચરણોમાં કરીએ પ્રણામ.................ઉછળે છે૦ ૪

ભુવન-જંબૂની એહ વિનતિ સ્વીકારજો,
ભવસાગર તારી પાર ઉતારજો;
  પહોંચાડો શિવપુરને ધામ.................ઉછળે છે૦ ૫

મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
મુનિ જંબૂવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्रीसिद्धचक्राय नमः ॥

॥ जयन्ति श्रीपार्श्वजिनेन्द्राः ॥

# દેવગિરિ.

**દેવગિરિ** કે જે આજકાલ **દૌલતાબાદ**ના નામથી જ ઓળખાય છે તે દૂરથી દેવોના ક્રીડાંગણ સમાન લાગતા, એકંદરે ૬૦૦ ફુટ ઊંચા અને અનેક કિલ્લેબંધીઓ અને કુદરતી સંરક્ષણનાં સાધનોથી સુરક્ષિત એક નાના પર્વત (ગઢ) અને તેની સાથે જ નીચે વસેલા નગરનું નામ છે; અને તે ઈલોરાની ગુફાઓથી દક્ષિણે ૯ માઇલ દૂર અને ઔરંગાબાદથી વાયવ્ય કોણમાં ૯ માઈલ દૂર ૧૯° ૫૭′ ઉત્તર અક્ષાંશ અને ૭૫° ૧૫′ પૂર્વ રેખાંશ ઉપર આવેલું છે. અને તે મનમાડથી ઔરંગાબાદ જતી નિઝામસ્ટેટ રેલ્વે ઉપર આવેલું સ્ટેશન પણ છે.

ભારતવર્ષના અન્ય નગરોની જેમ દેવગિરિને પણ પોતાનો ભવ્ય ઈતિહાસ છે. એક સમય એવો હતો કે દેવગિરિ સમૃદ્ધિ અને વૈભવની ટોચે પહોંચેલું એક મહાન રાજ્યનું પાટનગર હતું. અને તેનો કિલ્લો અજેય મનાતો હતો. અત્યારે જો કે આ પ્રાચીન નગર ખંડિયેર અવસ્થામાં જ છે, છતાં તેની તૂટેલી મહેલાતો, પ્રાચીન કિલ્લેબંધી અને બીજા અવશેષો તાર સ્વરે પોતાનો ભૂતકાલીન ભવ્ય ઇતિહાસ જણાવી રહ્યાં છે.

દેવગિરિના યાદવવંશીય છેલ્લા હિંદુરાજા **રામ**દેવે ( રાજ્યકાળ સં. ૧૩૨૮ થી ૧૩૬૬ ) જ્યારે ઓચિંતા ચડી આવેલા **અલ્લાઉદ્દીન** ખીલજી પાસે સં. ૧૩૫૧ માં હાર ખાધી ત્યારે દંડરૂપે તેણે **અલ્લાઉદ્દીન**ને ૬૦૦ મણ મોતી, ૨ મણ રત્ન, ૧૦૦૦ મણ રૂપું અને ૪૦૦૦ રેશમી કાપડના તાકાઓ તથા બીજો કેટલોક માલ અને પ્રદેશ આપ્યાં હતાં. તેમજ મુસ્લિમોના હાથમાં ગયા પછી સમ્રાટ **મહંમદ** તઘલકે ( કે જેના ઉપર ખરતરગચ્છીય આચાર્ય શ્રી જિનપ્રભસૂરિજીનો ઘણો પ્રભાવ પડેલો હતો[1] ) સં. ૧૩૯૦ આસપાસ આની અજેય કિલ્લેબંધીથી અને સંપત્તિથી આકર્ષાઈને દિલ્લીથી રાજધાની ઉઠાવીને દેવગિરિમાં સ્થાપી હતી તથા સંપત્તિથી આબાદ હોવાથી **દૌલતાબાદ**( દૌલતથી આબાદ ) એવું નામ પાડ્યું હતું. આટલી હકીકતથી પણ આનો ભૂતકાલીન વૈભવ સહજ ખ્યાલમાં આવશે. આગળ આવતા જૈન સાહિત્યમાંના ઉલ્લેખોથી પણ આ વાત પુષ્ટ થશે.

---

૧. આ સંબંધમાં ઘણાં વિસ્તારથી જાણવા માટે પં. લાલચંદભાઇ ભગવાનદાસ ગાંધીએ લખેલું **શ્રી જિનપ્રભસૂરિ અને સુલતાન મહમ્મદ** નામનું પુસ્તક જુઓ. ( જિનહરિસાગરસૂરિ જ્ઞાનભંડાર, લોહાવટ–મારવાડથી પ્રકાશિત )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[1]વિક્રમની તેરમી સદી પછીના ભાગમાં આ નગરની જાહોજલાલી જેમ જેમ વધતી ગઇ તેમ તેમ અનેક દૂર દૂર સ્થળના લોકો પણ ત્યાં વ્યાપારાદિ અર્થે આવતા તેમજ વસતા હતા. આમાં જૈનો પણ ઘણા હતા, અને તેમણે જૈન શાસનની ઘણી સુંદર પ્રભાવના કરી હતી. તેથી જૈન સાહિત્યમાં ઘણે સ્થળે તે ધર્માત્માઓના નામ ઝળકે છે. આમાંનાં કેટલાક પ્રસંગો નીચે મુજબ છે—

૧. આના અનુસંધાનમાં **દેવગિરિનો** રાજકીય ઇતિહાસ ટૂંકમાં જાણવો જરૂરી છે. આ દેવગિરિના પ્રારંભના રાજ્યકર્તાઓ **યાદવ**( જાદવ ) વંશના હતા. દેવગિરિના હિંદુસામ્રાજ્યના છેવટના રાજાઓ **મહાદેવ** અને **રામદેવ**ના સમયમાં **હેમાદ્રિ** નામનો મુખ્ય મંત્રી હતો, કે જે ઘણો મોટો વિદ્વાન, રાજ્યકારભારમાં ચતુર અને કટ્ટર બ્રાહ્મણ હતો. આ હેમાદ્રિને નામે અનેક ગ્રંથો ચડેલા છે. તેમાં **ચતુર્વર્ગચિંતામણિ** નામનો સૌથી મોટો પ્રચંડ સંસ્કૃત ગ્રંથ છે. વ્રતખંડ, દાનખંડ, **તીર્થખંડ** અને મોક્ષખંડ એવા ચાર મુખ્ય વિભાગો અને પાંચમો પરિશેષ ખંડ છે. આ ગ્રંથમાં હેમાદ્રિની પણ વારંવાર પ્રશંસા આવતી હોવાથી સંશોધકોનું માનવું છે કે આ હેમાદ્રિની નહીં, પણ બીજા કોઇ વિદ્વાનની કૃતિ હોવી જોઇએ અને હેમાદ્રિની દેખરેખ નીચે તૈયાર થઇ હશે. આ ગ્રંથનો વ્રતખંડ **રોયલ એસિઆટિક સોસાયટી**( કલકત્તા )ની **બિબ્લિઓથિકા ઇંડિકા**માં પ્રગટ થયો છે. વ્રતખંડના પ્રારંભના ભાગમાં યાદવવંશના પ્રારંભથી ઠેઠ મહાદેવ રાજા સુધીની સંક્ષિપ્ત તથા વિસ્તૃત બે વંશાવલીઓ આપેલી છે. પણ તે કલકત્તાની આવૃત્તિમાં છપાયેલી નથી. કેટલીક હસ્તલિખિત પ્રતિઓમાં પણ મળતી નથી. પણ **ભાંડારકરે** તે ઘણી મહેનતે શોધી કાઢેલી હસ્તલિખિત પ્રતિઓમાંથી ઉદ્ધરીને પોતાના **दक्खनचा प्राचीन इतिहास** નામના પુસ્તકમાં પરિશિષ્ટ ( પૂરણિકા ) રૂપે આપી છે. મુખ્યત્વે આ પ્રશસ્તિઓ, તથા **ભગવાનલાલ ઇંદ્રિજીએ** Indian Antiquary, Volume 12 ( પૃ.૧૧૬...)માં ભાષાંતર સાથે પ્રગટ કરેલા તામ્રપટ્ટ ઉપર કોતરેલા યાદવરાજા સંબંધી દાનપત્રો, કેટલાક શિલાલેખો, સોમેશ્વરકૃત **કીર્તિકૌમુદી** ( નિર્ણયસાગર પ્રકાશિત, સર્ગ-૪. ), તેમજ બીજા કેટલાક આધારોનું સમર્થન લઇને દેવગિરિના યાદવવંશનું વિસ્તૃત વર્ણન **ભાંડારકરે** **दक्खनचा प्राचीन इतिहास** નામના મરાઠી પુસ્તકમાં કર્યું છે. આખ્યાયિકા પ્રમાણે યાદવોમાં એક **સુબાહુ** નામનો **સાર્વભૌમ** રાજા **દ્વારકા**માં રાજ્ય કરતો હતો. તેણે પોતાના એક **દઢપ્રહારી** નામના પુત્રને દક્ષિણનું રાજ્ય વ્હેંચી આપ્યું હતું. દઢપ્રહારીનો પુત્ર **સેઉણચંદ્ર** થયો કે જેના નામથી સેઉણદેશ એવું દક્ષિણના એક ભાગનું નામ પડયું હતું. ( આમાં આજના ખાનદેશનો મોટો ભાગ તથા બીજો કેટલોક ભાગ સમાઇ જાય છે. )

પહેલાં તો આ રાજવંશની રાજધાની જુદા સ્થળે હતી. પણ પાછળથી આ વંશમાં ઉત્પન્ન થયેલા **ભિલ્લમ** રાજાએ સં. ૧૨૪૪ આસપાસ દેવગિરિ નગર વસાવીને ત્યાં રાજધાની કરી હતી. વ્રતખંડમાં લખ્યું છે કે—

**स दण्डकामण्डलमण्डयित्रीमकम्पसम्पत्प्रभवैर्विलासैः ।**
**चक्रे पुरं देवगिरिं गिरीशप्रसादसंसादितदिव्यशक्तिः ॥ ३९ ॥**

" મહાદેવના પ્રસાદથી જેણે દિવ્યશક્તિ પ્રાપ્ત કરી છે એવા તેણે ( ભિલ્લમે ) અચલ સંપત્તિથી થયેલા વિલાસોવડે દંડકાદેશ( પ્રાચીન દંડકારણ્ય )ને શોભાવતી દેવગિરિ નામની નગરી વસાવી. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દેવાગરિ અને દેદાશાહ

શ્રી **રત્નમંડન**ગણી કે જેમનો સત્તાકાલ સં. ૧૪૫૭થી ૧૫૧૭ છે તેમણે **સુકૃત-સાગર** નામના (આત્માનંદસભાપ્રકાશિત) મહાકાવ્યની રચના કરી છે. તેમાં તેમણે [1]મુખ્યત્વે **પેથડશાહનું** અને પ્રાસંગિક પેથડશાહના પિતા **દેદાશાનું** પણ જીવનચરિત્ર આપેલું છે. તેમાં જણાવ્યું છે કે—

---

અલ્લાઉદ્દીન પાસે હાર્યા પછી રામદેવ દિલ્હી ખંડણી મોકલતો હતો. રામદેવના મરણ બાદ તેના પુત્ર શંકરે ગાદીએ આવતાં ખંડણી મોકલવી બંધ કરવાથી દિલ્હીથી મલિક કાફુરે આવીને તેને ઠાર કર્યો હતો. અને ત્યારથી દિલ્હીના સામ્રાજ્યમાં દેવગિરિને જોડી દેવામાં આવ્યું હતું. સં. ૧૪૦૪ માં બહામની વંશના અલ્લાઉદ્દીને તેનો કબજો લીધો હતો, અને લગભગ ૧૫૦ વર્ષ ત્યાં બહામની રાજ્ય હતું. સં. ૧૫૫૭ માં અહમદ નિજામ શાહે તેનો કબજો લીધો હતો. અને સં. ૧૬૯૦ સુધી નિજામ-શાહી વંશના રાજાઓના હાથમાં જ રહ્યું હતું. સં. ૧૬૬૪ નિજામશાહી વંશના રાજાઓનું તે પાટનગર પણ બન્યું હતું. શાહજાહાંએ ૧૬૯૦ માં ચાર મહિના સુધી ઘેરો ઘાલીને જીતીને મોગલસામ્રાજ્ય સાથે દેવગિરિને જોડી દીધું હતું. ત્યાર બાદ સં. ૧૭૮૧ માં હૈદ્રાબાદના નિજામના રાજ્યનો ભાગ બન્યું હતું. અત્યાર સુધી આ પ્રમાણે જ હતું. પણ હવે ભારતવર્ષની સરકારના અંકુશ નીચે આવી ગયું છે.

ભિલ્લમથી વંશાવલી આ પ્રમાણે છે—

**ભિલ્લમ** ( સં. ૧૨૪૪–૧૨૪૮ )
|
૧ લો **જૈત્રપાલ** અથવા **જૈતુગિ** ( સં. **૧૨૪૮–૧૨૬૬** )
|
**સિંહણ** ( સં. **૧૨૬૬–૧૩૦૪** )
|
૨ જો જૈત્રપાલ અથવા જૈતુગિ
|
**કૃષ્ણ** ( સં. **૧૩૦૪–૧૩૧૭** ) — મહાદેવ ( સં. **૧૩૧૭–૧૩૨૮** )
|
રામદેવ અથવા રામચંદ્ર ( સં. **૧૩૨૮–૧૩૬૬** )

૧. પેથડશાહનું પ્રાસંગિક વર્ણન રત્નમંદિરગણિકૃત ઉપદેશતરંગિણી, પંડિત સોમધર્મગણિ-વિરચિત ( સં. ૧૫૦૩ ) ઉપદેશસપ્તતિ આદિ ગ્રંથોમાં આવે છે, પરંતુ તે બધામાં પ્રાચીન અથવા મૂલાધાર સુકૃતસાગર મહાકાવ્ય છે, અને તેમાં પેથડશાહનું સવિસ્તર અને સાદ્યન્ત વર્ણન છે. રત્ન-મંડન ગણી તપાગચ્છાધિપતિ સોમસુંદરસૂરિજીના શિષ્ય શ્રી નંદિરત્નગણીના શિષ્ય હતા. સુકૃતસાગરનું ગુજરાતી ભાષાંતર પણ જૈન આત્માનંદ સભા–ભાવનગર તરફથી પ્રગટ થયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અવન્તિ**દેશના ( માળવાના ) એક ભાગ [૧]**નમ્યાટ** (=નીમાડ ) દેશમાં **નાંદુરી** નામની નગરીમાં **ઉકેશવંશ**નો **શ્રીપદ્મ** શેઠના કુલમાં ઉત્પન્ન થયેલો **દેદ**નામનો દરિદ્ર વણિક વસતો હતો. તે વ્યાજે ધન લઇને પછી પાછું આપવાની શકિત ન હોવાથી લેણદારોના ભયને લીધે અરણ્યમાં એક વખત ગયો. ત્યાં તેણે અનેક વિદ્યા-મંત્ર-તંત્રાદિને જાણનાર નાગાર્જુન નામના યોગીને જોઇને દુઃખ દૂર થવાની આશાથી ત્રણ દિવસ સુધી ભોજન કર્યા વિના તેની ભક્તિ-બહુમાનપૂર્વક સેવા કરી. યોગીએ પણ તેની સેવાથી પ્રસન્ન થઇને યોગ્યાત્મા જાણીને તેને સુવર્ણસિદ્ધિ આપી. સુવર્ણસિદ્ધિના પ્રભાવથી થોડા જ વખતમાં **દેદ** શ્રીમંત થઇ ગયો. દેદની સંપત્તિને નહીં સહન કરી શકવાથી કેટલાક અદેખા લોકોએ રાજા પાસે ચાડી ખાધી કે-દેદને કોઇ મોટું નિધાન પ્રાપ્ત થયું છે. રાજાએ દેદને બોલાવીને તેની પાસે નિધાનની માગણી કરી, પરંતુ દેદે જ્યારે નિધાનપ્રાપ્તિનો ઇન્કાર કર્યો ત્યારે રાજા ખૂબ જ ગુસ્સે થયો. તેટલામાં દેદની સ્ત્રીએ દેદને જમવા બોલાવવા માટે પોતાનો નોકર મોકલ્યો. અવસરના જાણકાર દેદે તે માણસને કહ્યું કે-તું ઘેર જઇને કહેજે કે આજે મારા મસ્તકમાં ઘણી પીડા થાય છે માટે ભોજનમાં સંશય છે પણ તું શીઘ્રપણે નસ્ય કરજે. માણસે ઘેર જઇને વાત કરતાં દેદની સ્ત્રી સાંકેતિક અર્થને સમજી ગઇ અને રાતોરાત કિંમતી વસ્તુઓ લઈને ત્યાંથી નાસી ગઈ. આ બાજુ રાજાએ દેદને કેદખાનામાં નાખ્યો અને લોઢાના બંધનોથી બાંધી દીધો. સેવકોને દેદનું ઘર લૂંટવા માટે મોકલ્યા પણ ઘરમાં કંઇ કિંમતી વસ્તુ હાથમાં ન લાગવાથી તે નિરાશ થઇને પાછા ફર્યા. અહીં ધાર્મિક મનોવૃત્તિના દેદે શ્રી **સ્તંભનપાર્શ્વનાથ**ભગવાનનું સ્મરણ કર્યું અને સંકલ્પ કર્યો કે-જો હું આ સંકટમાંથી છૂટીશ તો શ્રી સ્તંભનપાર્શ્વનાથ ભગવાનની સર્વ અંગે સોનાના આભૂષણોથી પૂજા કરીશ. રાત્રિના ચોથા પહોરે દેદે બખ્તર, મુગટ અને સુવર્ણાલંકારોથી વિભૂષિત એક અશ્વારૂઢ થયેલા સુભટને જોયો. આ સુભટ તે બીજું કોઇ નહિ, પણ અધિષ્ઠાયક દેવ હતા. તેણે દેદને કહ્યું કે-ઊભો થા અને મારી પાછળ ઘોડા ઉપર બેસી જા. દેદ ઊભો થઇ ગયો. તે સાથે જ બધાં લોઢાનાં બંધનો તૂટી પડયાં અને અશ્વ ઉપર બેસી ગયો. દેવ પણ ત્યાંથી તેને ઉપાડીને જ્યાં તેની સ્ત્રી હતી ત્યાં લઇ ગયો અને અદૃશ્ય થઇ ગયો. દેદ અને દેદની પત્ની મળ્યાં તે ગામ નમ્યાટ( નીમાડ )ની જ હદમાં હતું એટલે ત્યાંથી તેઓ તત્કાળ [૨]( **નીમાડ**સમીપવર્તિ ) **વિદ્યાપુર** નગરે

૧. નીમાડની વચમાંથી નર્મદા નદી વહે છે. સંભવ છે કે નર્મદાને લીધે નીમાડ નામ પડયું હોય. પ્રસિદ્ધ ચીની યાત્રી હ્યુએનત્સાંગે તેના પ્રવાસવૃત્તાંતમાં જણાવ્યું છે કે-મહારાષ્ટ્રમાંથી નીકળીને નેમોટો ( Naimoto ) ઓળંગ્યા પછી ભૃગુકચ્છપ ( ભરૂચ ) અવાય છે. હ્યુએનત્સાંગનો નેમોટો અને સુ૦ સા૦ નો નમ્યાટ ઉચ્ચાર પરસ્પર મળતા છે ( ધ્વનિદૃષ્ટિએ ). નીમાડનો મોટો ભાગ પૂર્વના **ઇંદોર** રાજ્યમાં અને અત્યારના મધ્યભારતસંઘના **માલવ**પ્રદેશમાં આવી જાય છે, અને તે નર્મદાનદીની ઉત્તરે છે. બાકીનો નર્મદાથી દક્ષિણનો ભાગ મધ્યપ્રાંતના વહીવટ નીચે છે અને **નેમાડ**-જીલ્લાના નામથી ઓળખાય છે. જીલ્લાનું મુખ્યસ્થળ ખંડવા ( જી. આઇ. પી. રેલ્વે ) છે.

૨. રાજાના પંજામાંથી છટકીને સહીસલામત સ્થળે જલદી પહોંચી જવાનો જ ઉદ્દેશ હોવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યાં ગયાં. પછી ત્યાંથી **ખંભાત** જઇને શ્રી સ્તંભનપાર્શ્વનાથ ભગવાનની સર્વ અંગે સ્વર્ણાભૂષણોથી પૂજા કરીને દેદે લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરી. કાળક્રમે તે મહાધનવાન થયો અને સુવર્ણનું છૂટે હાથે દાન દેતો હોવાથી ' **કનકગિરિ** ' નામે પ્રસિદ્ધિ પામ્યો.

હવે એકદા વિદ્યાપુરથી કાર્યાર્થે દેદ **દેવગિરિ** નગરીમાં ગયો ત્યાં તે કોઇક ઉપાશ્રયમાં ગુરુમહારાજને વંદન કરવા ગયો. ત્યાં એક સ્થાનકે ભેગા થઇને શ્રાવકો ધર્મશાળા-પૌષધશાળા બંધાવવાનો વિચાર કરતા હતા. દેદે તેમને પણ પ્રણામ કર્યો અને તેમની ચાલતી વાતો સાંભળીને તેણે મનમાં વિચાર કર્યો કે-પૌષધશાલા બંધાવવાથી મહાપુણ્ય થાય છે, કેમકે ઉપાશ્રય એ સાધુઓની દુકાન છે. અને ત્યાં આવીને ગ્રાહકો અનન્તલાભદાયી વ્રતાદિ કરિયાણાંને ખરીદ કરે છે. અને ત્યાં ધર્મશ્રવણ-પ્રતિક્રમણાદિ ક્રિયાઓ થતી હોવાથી અપાર પુણ્ય થાય છે માટે હું જ પૌષધશાલા બંધાવીને આ સંસારસમુદ્રથી પાર ઉતરું. આમ વિચાર કરીને તેણે ત્યાં એકત્રિત થયેલા સંઘ પાસે યાચના કરી કે-" શ્રી સંઘ પાસે હું વિનંતિ કરું છું કે આ પૌષધશાલા બંધાવવાની મને અનુજ્ઞા આપો. " ત્યારે સંઘમાંના મુખ્ય શ્રાવકે કહ્યું કે-" પૌષધશાલા સંઘની હોય તે જ સારું, કેમકે જો એક જ વ્યક્તિ પૌષધશાલા બંધાવે તો હંમેશાં સાધુઓએ તેનું ઘર શય્યાતર કરવું જોઈએ અને ત્યાંથી આહાર-પાણી-વસ્ત્રાદિક કંઈ પણ ન લઈ શકે. જેના ઘરનાં આહાર-પાણી-વસ્ત્રાદિક સાધુઓને ન કલ્પે તે શું ઘર છે ? માટે સંઘની પૌષધશાળા હોય તો સારી, કે જેથી હંમેશાં ભિન્ન ભિન્ન ઘરનું શય્યાતર કરી શકાય અને બધાને લાભ મળે. " આ પ્રમાણે ઘણું ઘણું સમજાવવા છતાં જ્યારે દેદે તેની હઠ છોડી નહીં, ત્યારે એક ઉતાવળીયો શ્રાવક ચીડાઈને બોલી ઉઠયો કે-" અહીં જો પૌષધશાળા કરાવનાર ન હોય, અથવા તો તમે સોનાની પૌષધશાળા કરાવવાના હો તો આટલો બધો આગ્રહ કરવો યોગ્ય ગણાય. ઇંટની બનાવનારા તો અહીંઆ ઘણા યે છે. અને સોનાની તો તમે પણ બનાવી શકવાના નથી. " દેદાશાહે તરત સ્વીકાર કરી લીધો કે-" ખુશીથી, હું સોનાની ધર્મશાલા-પૌષધશાળા બંધાવી આપીશ. " ગુરુમહારાજે બોલાવીને દેદાશાને સમજાવ્યું કે-આ કાળ સુવર્ણની પૌષધશાળા બનાવવા માટે યોગ્ય નથી. ત્યારે તેમણે ઈંટોથી બંધાવવાની શરૂઆત કરી, પણ પ્રતિજ્ઞાના

---

તેમજ ગ્રંથકારે પણ यत्र तौ मिलितौ तच्च पुरं नम्याटवर्त्यतः । प्रापतुस्तदपि त्यक्त्वा सद्यो विद्यापुरे पुरे ॥ [ सु. सा. १ । ८३ ]-આ પ્રમાણે सद्यः=' જલદી ' શબ્દનો પ્રયોગ કર્યો હોવાથી આ ગામ નીમાડની નજીકમાં જ હોવું જોઇએ. નીમાડથી સેંકડો માઇલ દૂર આવેલું ગુજરાતનું વિજાપુર પણ નહીં, અને દક્ષિણમાં કર્ણાટકની સરહદ ઉપર આવેલું બિજાપુર પણ નહીં. નીમાડનાં નાનાં નાનાં ગામો પણ મળી આવે એવો નકશો મેળવવા ઘણો પ્રયત્ન કર્યો પણ હજુ સુધી સફળતા મળી નથી.

**દેવગિરિ**( દોલતાબાદ )થી પશ્ચિમે લગભગ ચાલીશ-પચાસ માઇલ દૂર **વૈજાપુર** નામનું ગામ પણ નિઝામ સ્ટેટમાં છે. યેવલાથી પચીશેક માઇલ દૂર અગ્નિકોણમાં છે. દેદાશા કાર્યપ્રસંગે વિદ્યાપુરથી દેવગિરિ આવ્યાનું વર્ણન આવે છે. આ બધું વિચારી જોવું.

નીમાડનો વિસ્તૃત નકશો ન મળે ત્યાં સુધી હું નિર્ણય કરી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાલન માટે પોતાના ભત્રીજા **સુવર્ણ**ના નામ ઉપરથી સુવર્ણની પૌષધશાળા એવું નામ રાખ્યું.

આ અવસરે ત્યાં એક મોટો સાર્થ વ્યાપારાર્થે આવ્યો હતો. તેમાં ૫૦) ઉત્તમ કેશરના પોઠિયા પણ હતા. સાર્થના બાકીના વ્યાપારીઓનું તો બધું કરિયાણું વેચાઇ ગયું, પણ કેશરના પોઠિયા એમના એમ રહ્યા. કેમકે કેશર ઘણું મૂલ્યવાન હોવાથી જથ્થાબંધ લેવા કોઇ તૈયાર નહોતા, અને પરચુરણ વેચતાં એક પોઠિયો પણ કદાચ ખાલી થાય કે ન થાય માટે કેશરના માલિકો પરચુરણ વેચવા તૈયાર ન હતા. આમ કેશર ન વેચાવાથી નિરાશ થયેલા તે લોકો નગરની બહાર નીકળતાં તેની નિંદા કરવા લાગ્યા કે–આ નગરીની ખ્યાતિ તો એવી છે કે—"સમુદ્રમાં સાથવો જેમ સમાઇ જાય તેમ આ નગરમાં ગમે તેટલું કરિયાણું આવ્યું હોય તો પણ તે બધું જ ખપી જાય છે." પણ આ બધી ખોટી ખ્યાતિ છે. કોઇક વખત મહા-કિંમતી ઘણું કરિઆણું આવ્યું હશે અને બધું ખપી ગયું હશે ત્યારથી લોકોમાં આ કહેવત પડી ગઇ હશે. અને એક વખત સારી ખ્યાતિ થઇ ગયા પછી તે પાછળના ગમે તેટલા પાપોથી લુપ્ત થતી નથી. મડદાં અને હાડકાંનાં ઢગલાથી ભરેલી હોવા છતાં શું ગંગાને લોકો પવિત્ર નથી કહેતા ?

**દેદાશા** આ નિંદા સાંભળીને બોલી ઊઠ્યા કે-શું તમારું કોઇ કરિયાણું વેચાયા વિના બાકી રહી ગયું છે કે જેથી સર્વ નગરીઓમાં શ્રેષ્ઠ આ નગરીની તમે નિંદા કરી રહ્યા છો ? સમુદ્રમાં ગયેલી નદીની જેમ અને મોક્ષમાં ગએલા જીવની જેમ કોઇ પણ કરિઆણું આ નગરીમાં આવીને પાછું ફર્યું નથી. ત્યારે તે કેશરના વ્યાપારીઓએ પોતાની હકીકત કહી સંભળાવી. દેદાશાએ બધી પોઠો ખરીદી લીધી અને જ્યાં ચુનો તૈયાર થતો હતો ત્યાં લાવીને તેમાંની ૪૯) પોઠો નંખાવી દીધી. બધા લોકો તો જોઇને આશ્ચર્યચકિત જ થઇ ગયા. રાજાએ પણ બોલાવીને ઘણું સન્માન આપ્યું. આ પ્રમાણે સુવર્ણ જેવા વર્ણવાળા કેશરથી મિશ્રિત ચુનાથી પૌષધશાળા તૈયાર કરાવી કે જે વર્ણથી સોના જેવી, કિંમતથી પણ સુવર્ણની અને તેને પોતાના ભત્રીજા સુવર્ણનું નામ આપ્યું હોવાથી નામથી પણ સુવર્ણની હતી. આમ કરીને તેણે પોતાની પ્રતિજ્ઞાનું તો પાલન કર્યું જ કર્યું. બાકીનું એક પોઠિઆ જેટલું કેશર તીર્થોમાં પૂજા માટે મોકલી આપીને વિદ્યાપુર પોતાને ઘેર દેદાશા પાછા ફર્યા.

**[ सुकृतसागर महाकाव्य, तरङ्ग १ लो ]**

સુકૃતસાગરમાં આ બનાવનું વર્ણન કર્યા પછી પેથડશાહના જન્મનું વૃત્તાંત આપેલું છે. ત્યાર પછી તો ઘણી ચડતી–પડતી અવસ્થા પસાર કરીને પેથડશાહ માંડવગઢના મંત્રી બન્યા છે. મંત્રી બન્યા પછી પણ રાજા **રામના** સમયમાં ઉપદેશતરંગિણીના કથન પ્રમાણે સં. ૧૩૩૫ આસપાસ તેમણે દેવગિરિમાં જિનપ્રાસાદ બંધાવ્યો છે. આથી સંભવ છે કે પેથડકુમારે જિનપ્રાસાદ બંધાવ્યો તેથી પચાશેક અથવા તે કરતાં પણ અધિક વર્ષ પૂર્વે દેદાશાએ પૌષધશાળા બંધાવી હશે. જો આ કલ્પના સત્ય હોય તો સંભવતઃ **સિંહણના** રાજ્યકાળ દરમિયાન પૌષધશાાળા બંધાવી હશે. સિંહણરાજાનો રાજ્યકાળ સં. ૧૨૬૬–૧૩૦૪ અગાઉ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટિપ્પણમાં જણાવાઇ ગયો છે. [1]સિંહણ મહાપ્રતાપી રાજા હતો, અને તેના સમયમાં દેવગિરિની જાહોજલાલી ઘણી વધી ગયેલી હતી.

---

૧. આ સિંહણ સાથે ગુજરાતના મહામંડલેશ્વર લવણપ્રસાદ અને તેમના પુત્ર વીરધવલને ઘણી મોટી લડાઈ ભરૂચ પાસે થઇ હતી. આ સંબંધી ઘણું વિસ્તૃત વર્ણન કીર્તિકૌમુદી ( સર્ગ ૪ થો ) આદિ ગ્રંથોમાં આવે છે. સિંહણનું સૈન્ય ઘણું મોટું હોવા છતાં પિતા-પુત્રે તેને હઠાવી મૂકયું હતું. અને છેવટે સં. ૧૨૮૮ ના વૈશાખ સુદ-૧૫, સોમવારે બંનેની પરસ્પર સંધિ થયાનો ઉલ્લેખ ગાયકવાડ ઑરિએન્ટલ સીરીજથી પ્રગટ થયેલા **લેખપદ્ધતિ** નામના ગ્રંથમાં **યમલપત્રના** ઉદાહરણમાં છે. આ સંધિ પરસ્પર અનાક્રમણના કરારરૂપે તેમજ પરકીય આક્રમણ સમયે પરસ્પર સહાય કરવાના કરારરૂપે હતી.

બરાબર આ ચાલુ લડાઇમાં જ વીરધવલે ખંભાતમાં મૂકેલા મંત્રીશ્વર વસ્તુપાલને ભરૂચના શંખરાજા સાથે લડવાનો ઓચિંતો પ્રસંગ આવી પડ્યો હતો. વસ્તુપાલ વિજયી બન્યા હતા. તે સંબંધી સુંદર વર્ણન **વસંતવિલાસ** કાવ્ય ( સર્ગ ૫ મો ) આદિમાં છે.

## દેવદુંદુભી નાદ.

( પુનમની રાત. સખી પુનમની રાત—એ રાગની ચાલમાં* )

દેવદુંદુભી નાદ ! દેવદુંદુભી નાદ !
એના આવે સ્યા અવાજ, કયાંથી આવે એ અવાજ.
દેવદુંદુભી નાદ, દેવ૦
બંધ થયા ઇંગલાના સાસ, થયા બંધ પીંગલાના સાસ;
નાડી સુષુમણાના સાસ, મણીચક્ર આસપાસ.
દેવદુંદુભી નાદ. દેવ૦
ૐ ધ્વનિકેરા નાદ, ૐ ધ્વનિકેરા નાદ;
એના ઘુમે શું ! અવાજ, એ તો દૈવી અવાજ.
દેવદુંદુભી નાદ. દેવ૦
જાગ્યા અનાહત નાદ, જાગ્યા અનાહત નાદ,
એના ભેદી અવાજ, કયાંક ભેદી અવાજ.
દેવદુંદુભી નાદ. દેવ૦
આવ્યા કયાંથી પ્રકાશ, આવ્યા કયાંથી પ્રકાશ;
એના ભીતર ભાસ, થાય ભીતર ભાસ.
દેવદુંદુભી નાદ. દેવ૦
ઘેરા ઘેનમાં અવાજ, ઘેરા ઘેનમાં અવાજ;
સુણે **"વૈરાટી"** આજ, કયાંક ઘેરા અવાજ.
દેવદુંદુભી નાદ, દેવદુંદુભી નાદ.

રચયિતા—**ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી**

---

* જરા ઊંચા સ્વરે ઉપાડો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ.

( ગતાંક પૃષ્ઠ ૪૬ થી શરૂ )

લેખક—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

જડ ચૈતન્યના ભેદજ્ઞાનશૂન્ય જગત, માનવ દેહ આદિ સઘળીયે સ્વસંપત્તિ ખોઇ નાખીને દુઃખના દરિયામાં ડૂબી રહ્યું છે. મારાપણાની બુદ્ધિથી પોતાની વસ્તુ મેળવવા અનેક ભવોથી પ્રયત્ન કરવા છતાં પણ અત્યારસુધી અંશ માત્ર પણ મેળવી શકયું નથી, તો પણ નિરાશ ન થતાં આશાવાદી બનીને મેળવવાના પ્રયત્નોથી વિરામ પામતું નથી પરંતુ પોતાને સાચી રીતે ઓળખ્યા સિવાય પોતાની સાચી વસ્તુ મેળવી શકાતી નથી. આ સિદ્ધાંત ન જાણવાથી પ્રયત્ન કરવા છતાં કોઈપણ કાળે પોતાની વસ્તુ મેળવી શકવાનો નથી.

સ્વસ્વરૂપથી અણજાણ જીવ જ્યારે સ્વપરના ભેદની વિચારણા કરે છે ત્યારે દેહને તથા દેહાશ્રિત ઇતર વસ્તુને પોતાની માનીને અને તેનાથી ભિન્ન જડ હોય કે ચેતન, સર્વને પર માને છે. તેમજ ગાઢતમ મિથ્યાત્વના અંધકારમાં જ્ઞાનચક્ષુવિહીન થઇને પરવસ્તુ પોતાની બની શકે છે એવી ભ્રમણાથી તેને મેળવવા નિરંતર પ્રયાસ કર્યા કરે છે. અને દેહમાં સ્વપણાનું અભિમાન હોવાથી પોતાને ઓળખવાને વિચાર સરખો ય કરતો નથી. જ્ઞાન, જીવન, સુખ તથા આનંદસ્વરૂપ હું છું એવો આભાસ દેહાધ્યાસીને થતો નથી. પણ જડ વસ્તુને મેળવી તેના ઉપભોગથી આનંદ તથા સુખાદિ પ્રાપ્ત થાય છે એવી અજ્ઞાનતાથી નિરંતર જડ વસ્તુને આધીન રહીને તેની ઉપાસના કરે છે. મારું શરીર, મારું ઘર, મારું ધન આ પ્રમાણે બોલવાથી તો સ્પષ્ટ ભાસ થાય છે કે સંસારની સઘળીયે વસ્તુઓથી પોતે ભિન્ન છે, અને તે જ્ઞાનસ્વરૂપ છે છતાં અનાદિ કાળના જડના સહવાસને લઇને દેહથી પોતાને ભિન્ન જાણી શકતો નથી તેમજ માની શકતો પણ નથી. કર્મસ્વરૂપ જડની સાથે અનાદિ કાળથી ક્ષીરનીરની જેમ ઓતપ્રોત થયેલો હોવાથી કર્મના કાર્યસ્વરૂપ વિચિત્ર પ્રકારના જડ તથા જડના વિકારના સંયોગ વિયોગમાં હર્ષ, શોક, આનંદ સુખ અનુભવતો રાગ દ્વેષની પ્રેરણાથી જડ જગતના દાસપણામાંથી છૂટી શકતો નથી.

માનવી વિભાવ પર્યાયને પ્રાપ્ત થયેલો માનવસ્વરૂપ જીવ કર્મસ્વરૂપ જડાશ્રિત હોવાથી નિરંતર તેની પ્રેરણા પ્રમાણે પ્રવૃત્તિ કરે છે, પુન્ય કર્મથી જડના વિકારસ્વરૂપ બાહ્ય સંપત્તિ જેમ જેમ મેળવતો જાય છે તેમ તેમ તેની પરાધીનતા પણ વધતી જાય છે, છતાં મેં બહુ સારું મેળવ્યું છે, હું સંપત્તિવાળો છું એવા મિથ્યાભિમાનથી પોતાને સુખી માને છે. જો કે પરાધીનતામાં લેશમાત્ર પણ સુખ હોતું નથી, કારણ કે સ્વશક્તિહીન થવાથી જ પરાધીન બનીને પરાધીનતા પ્રાપ્ત કરાય છે અને પરાધીનપણામાં સ્વેચ્છા પ્રમાણે વર્તી શકાતું નથી, પરવસ્તુ પોતાના સ્વભાવ પ્રમાણે ઇચ્છાઓ પૂર્ણ કરવામાં સહાય થાય છે. કર્મની પ્રેરણાથી થયેલી ઇચ્છાઓ વસ્તુસ્થિતિ વિચારતાં તાત્ત્વિક સાચી વસ્તુ હોતી નથી; અને પ્રાયે પરાધીનતાને દૃઢ કરનારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. તોપણ મને સાચી જ વસ્તુ પ્રાપ્ત થઇ છે એવી અજ્ઞાનતાથી જીવ એક વખત તો સંતોષ માની લે છે પરંતુ છેવટે જ્યારે તે વસ્તુ પોતાનું ખરૂં સ્વરૂપ દેખાડે છે ત્યારે પોતે હતાશ થઇ જાય છે અને નિરાશાની સાથે વ્યર્થ જીવન વ્યતીત કરવા માટે પશ્ચાત્તાપ કરે છે.

સત્સંગ એટલે સતસમાગમની માનવીને અત્યંત આવશ્યકતા છે. પણ વર્તમાન કાળમાં સાચા સત્પુરુષો–સંતો મળવા મુશ્કેલ છે. મિથ્યાભિમાની આડંબરી ઘણા મળી આવે છે. જ્યાં આડંબર હોય છે ત્યાં સાચી વસ્તુનો અંશ માત્ર પણ હોતો નથી. ક્ષુદ્ર વાસનાઓ પોષવાને માટે જ આડંબર કરવામાં આવે છે. કેટલાક અણુસમજુ જીવો આવા આડંબરીઓની વાગ્જાળમાં ફસાઇ જઇને પોતાના પવિત્ર જીવનનું પણ લીલામ કરી નાંખે છે. સાચા સંતો આડંબર વિનાના નિઃસ્પૃહી, વાસનાથી વિમુખ અને સ્વપર શ્રેય કરનારા હોય છે. આવા સત્પુરુષોના જીવનનો એક ક્ષણ પણ અમૂલ્ય હોઇને માનવીઓના જીવનની શુદ્ધિ કરવામાં અત્યંત કુશલ હોય છે. માનવીઓને મળેલી બક્ષિસોમાં ઉત્તમ અને કીમતી તો માનવ જીવન હોય છે. આવા ઉત્તમ જીવનને આવા સુપાત્ર સત્પુરુષોના ચરણમાં અર્પણ કરવામાં આવે તો અવશ્ય આત્માની ઉન્નત દશા થઇ શકે છે પણ આવા પુરુષો અત્યારના કાળમાં મળવા મુશ્કેલ છે તો પણ અમુક અંશે સ્વપરનું હિત ચાહનારા નિસ્વાર્થી, નિર્માયી, સદાચારી, આડંબર વિનાના મળી શકે છે. આવા પુરુષોના આશ્રયમાં રહીને પણ કાંઇક જીવનશુદ્ધિ થઇ શકે ખરી.

સંસારમાં માનવ સમાજ જુદી જુદી ઇચ્છાથી જીવી રહ્યો છે અર્થાત્ માનવીઓની જીવનવ્યવસ્થા ભિન્ન ભિન્ન પ્રકારની છે. કોઇ ધન ભેગું કરવા જીવે છે, કોઇ કીર્તિ મેળવવા જીવે છે, કોઈ મોજશોખ કરવા જીવે છે, કોઇ મૂર્ખાઓને ભોળવી પોતાની ક્ષુદ્ર વિષયવાસના પોષવા જીવે છે, કોઇ બીજાને સન્મતિ સદ્બુદ્ધિ આપી સુખે જીવાડવા જીવે છે, કોઇ આડંબર કરી પૂજાવા જીવે છે, કોઇ પોતાની જીવનશુદ્ધિ કરી બીજાની જીવનશુદ્ધિ કરવા જીવે છે, કોઇ આત્મવિકાસી બની બીજાનો આત્મવિકાસ કરવા જીવે છે, કોઇ નિંદવા તો કોઇ વાંદવા, કોઇ વખોડવા તો કોઇ વખાણવા આ પ્રમાણે અનેક પ્રકારના જીવનમાં જગત જીવી રહ્યું છે. માનવ જીવનમાં જીવવાના અનેક પ્રકારના જીવનમાંથી કોઇ પણ પ્રકારના જીવનમાં જીવતો દુનિયાનો મુસાફર પોતાના જીવનનો સાથી બનાવવા નિરંતર ચાહનાવાળો હોય છે. જો તે બુદ્ધિશાળી હોય છે તો દીર્ઘદર્શિતા વાપરી પોતાના જીવનને હિતકારી એક સાચો સાથી બનાવી એકનિષ્ઠપણે પોતાની જીવનયાત્રા સુખશાંતિપૂર્વક પૂરી કરે છે પણ અસ્થિર મગજ અને મનોવૃત્તિના મુસાફર અનેક સાથીઓ કરે છે કે જેને લઇને તેમની જીવનયાત્રા સુખશાંતિથી સમાપ્ત થતી નથી તેમજ તેમનું શ્રેય કે હિત પણ થઇ શકતું નથી; માટે માનવજીવનમાં જીવનાર દુનિયાના મુસાફરે મનની ચંચળતા દૂર કરીને જીવનશુદ્ધિ, આત્મશુદ્ધિ, સમભાવ અને શાંતિમય જીવન વ્યતીત કરવા માટે બહુ જ વિચારપૂર્વક કોઇ એક સરખા વિચાર તથા વર્તનવાળો જીવનનો સાથી બનાવી જીવનયાત્રા શાંતિથી સમાપ્ત કરી સદ્ગતિના ભાગી બનવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવદેહ.

## સ્થિતપ્રજ્ઞ પુરુષની પવિત્ર વિચારશ્રેણિ.

આ સંસાર બહુ દુઃખથી ભરેલો છે. એમાંથી જ્ઞાનીઓ તરીને પાર પામવા પ્રયોજન કરે છે. મોક્ષને સાધી તેઓ અનંત સુખમાં વિરાજમાન થાય છે. એ મોક્ષ કોઇ બીજા દેહથી મળનાર નથી. માત્ર માનવદેહથી મોક્ષ છે. જ્ઞાનીઓ કહે છે એ મનુષ્યભવ બહુ દુર્લભ છે. અતિ પુણ્યના પ્રભાવથી એ સાંપડે છે; માટે એથી ઉતાવળે આત્મસાર્થક કરી લેવું. કોઇ પણ અન્ય દેહમાં સદ્‌વિવેકનો ઉદય થતો નથી, અને મોક્ષના રાજમાર્ગમાં પ્રવેશ થઇ શકતો નથી. મોતને પણ નિશ્ચય આપણે જાણી શકતાં નથી, માટે જેમ બને તેમ ધર્મમાં ત્વરાથી સાવધાન થવું.

જ્ઞાનીઓએ મનુષ્યપણું ચિંતામણિતુલ્ય કહ્યું છે, તે વિચારો તો પ્રત્યક્ષ જણાય તવું છે. વિશેષ વિચારતાં તો તે મનુષ્યપણાનો એક સમય પણ ચિંતામણિ રત્નથી પરમ માહાત્મ્યવાન અને મૂલ્યવાન દેખાય છે અને જો દેહાર્થમાં જ તે મનુષ્યપણું વ્યતીત થયું, તો એક ફૂટી બદામની પણ કિંમતનું નથી એમ નિઃસંદેહ દેખાય છે.

સર્વ દુઃખક્ષયનો ઉપાય છે, પણ તે કોઇક જીવને સમજાય છે. મહત્‌ પુણ્યના યોગથી, વિશુદ્ધ મતિથી, તીવ્ર વૈરાગ્યથી અને સત્પુરુષના સમાગમથી તે ઉપાય સમજવા યોગ્ય છે. તે સમજાવાનો અવસર એકમાત્ર આ મનુષ્યદેહ છે. તે પણ અનિયુક્ત કાળના ભયથી ત્રાસિત છે. ત્યાં પ્રમાદ થાય એ ખેદ અને આશ્ચર્ય છે.

આ જગતને વિષે જેને વિષે વિચારશકિત વાચાસહિત વર્તે છે, એવું મનુષ્યપ્રાણી કલ્યાણનો વિચાર કરવાને સર્વથી અધિક યોગ્ય છે, તથાપિ પ્રાયે અનંતવાર મનુષ્યપણું મળ્યા છતાં તે કલ્યાણ સિદ્ધ થયું નથી. તે ભ્રાંતિ જે કારણથી વર્તે છે, તે કારણના મુખ્ય બે પ્રકાર છે. એક 'પારમાર્થિક' અને એક 'વ્યાવહારિક' અને તે બે પ્રકારનો એકત્ર અભિપ્રાય જે છે તે એ છે કે–આ જીવને ખરી મુમુક્ષુતા આવી નથી અને તેનું સૌથી મોટું કારણ અસત્સંગની વાસનાએ જન્મ પામ્યું એવું નિજેચ્છાપણું અને અસત–દર્શનને વિષે સત્‌દર્શનરૂપ ભ્રાંતિ તે છે. અસત્સંગ, નિજેચ્છાપણું અને મિથ્યાદર્શનનું પરિણામ જ્યાં સુધી મટે નહિ ત્યાં સુધી આ જીવ મુક્ત થવો ઘટતો નથી. અને તે ટાળવાને અર્થે સત્સંગ, જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું અને પરમાર્થસ્વરૂપ એવું જે આત્માપણું તે જાણવા યોગ્ય છે.

—મુનિરાજશ્રી જિજ્ઞાસુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કામધેનુ અને એના પર્યાયો

( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ એ. )

જગત્ ચમત્કારોથી પરિપૂર્ણ છે. પ્રકૃતિનો અભ્યાસ નવનવી ચમત્કૃતિઓને જન્મ આપે છે અને કેટલીક ગુહ્ય ગણાતી બાબતોનો ઉકેલ કરી આપે છે. અલૌકિકતાની કલ્પના જ રમ્ય છે એટલે ચમત્કારી ઔષધિઓ, અદ્‌ભુત પશુ-પંખીઓ અને વિદ્યાસિદ્ધ યોગીઓની વાતો અવારનવાર સંભળાયા કરે અને લોક-સાહિત્ય વગેરેમાં એ સ્થાન પામે તેમાં શી નવાઇ ?

જે નજરે જણાતું ન હોય તેને વિષે જાતજાતના તર્ક-વિતર્ક કરાય એ સ્વાભાવિક છે. માનવ-દેહે સ્વર્ગનું દર્શન હરકોઇને અશક્ય નહિ તો દુર્લભ તો છે જ. આથી સ્વર્ગીય-દિવ્ય પદાર્થોની-જીવંત દ્રવ્યોની વાતમાં અનેરો રસ જામે છે. ગંગાને સુર-નદી, ધન્વંતરિને દેવોનો વૈદ્ય, અશ્વિનીકુમારને દેવોના બે વૈદ્યો એમ વિવિધ વાણી-વિલાસ અનુભવાય છે.

કાવ્યોના નિર્માણમાં જૈન કવિઓએ લૌકિક-અજૈન કલ્પનાઓને પણ અપનાવી છે. આમ હોવાથી કેટલીક અજૈન બાબતોનો નિર્દેશ જૈન કૃતિઓમાં પણ જોવાય છે.

' કામધેનુ ' એટલે ' ઇચ્છા પૂર્ણ કરનારી ગાય ' અભિલાષાને તૃપ્ત કરનાર પદાર્થો તરીકે કલ્પવૃક્ષ, કામઘટ, ચિન્તામણિ ( રત્ન ) ઇત્યાદિ સુપ્રસિદ્ધ છે. આ પદાર્થોની પેઠે કામધેનુનો પ્રભાવ પણ અલૌકિક ગણાય છે.

' કામધેનુ ' એ અર્થમાં સંસ્કૃતમાં કામદા, કામદુધા, કામદુહ્, અને સુરભિ શબ્દો વપરાય છે. ' મનની કામના પૂરી કરનારી એક કલ્પિત ગાય ' એ અર્થમાં ગુજરાતીમાં કામગવી, કામદા, કામદુધા-કામદુર્ગા, કામધુક અને કામધેનુ તેમજ સુરભિ શબ્દ છે. એવી રીતે પાઇયમાં કામદુહા અને કામધેણુ શબ્દ છે.

'ચન્દ્ર' ગચ્છ યાને રાજગચ્છના રત્નપ્રભસૂરિના શિષ્ય અને **ત્રેપુરાગમ**માંથી[1] ઉદ્ધૃત કરી સૂત્રબદ્ધ ગ્રન્થ અને એની સ્વોપજ્ઞ વૃત્તિ રચનારા **માનતુંગસૂરિ**એ વિ. સં. ૧૩૩૨ માં સંસ્કૃતમાં તેર સર્ગમાં [2]**શ્રેયાંસનાથ** ચરિત રચ્યું છે. આના સ. ૨, શ્લો. ૨ માં ' કામદુહ્ ' શબ્દ વપરાયો છે, એમ નીચે મુજબની પંક્તિ ઉપરથી જોઈ શકાય છે:—

**"दध्यौ च कामधुक्-कल्पद्रूम-चिन्तामणीसमः"**

આ કાવ્યના સ. ૧, શ્લો. ૨૦૭ માં 'સુરધેનુ' શબ્દ છે, એનો અર્થ 'કામધેનુ' થાય છે.

રત્નમંડનગણિએ **સુકૃતસાગર** (ત. ૩, શ્લો. ૧૦૪) માં દુર્લભ વસ્તુઓ ગણાવતાં ' કામદુહ્ ' ધેનુનો ઉલ્લેખ કર્યો છે.

કાલકસૂરિની જઇણ મરહટ્ઠીમાં રચાયેલી કથામાં ' કામધેણુ ' શબ્દ છે.

**રત્નશેખરસૂરિ**એ **વંદિત્તુસુત્ત** (ગા. ૧૬) ની વૃત્તિ નામે **અર્થદીપિકા** જે વિ. સં. ૧૪૯૬ માં રચી છે એમાં શીલવતી-કથાના શ્લો. ૧૦૨ માં ( પત્ર ૮૯અ માં ) 'કામદુહા' શબ્દ વાપર્યો છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

---

૧. આ કઇ કૃતિ છે તે જાણવું બાકી રહે છે.

૨. દેવભદ્રસૂરિકૃત **સિજ્જંસનાહચરિય** (શ્રેયાંસનાથ ચરિત)ને આધારે આની રચના કરાઇ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**"चिंतेइ अहो एसा गिहकामदुहा हि पच्चक्खा"**

'સહસ્રાવધાની' મુનિસુન્દરસૂરિએ વિ. સં. ૧૪૭૬ પહેલાં રચેલા **ઉપદેશરત્નાકર**(ઉવએસરયણાયર)ના અપર તટ (અં. ૧, શ્લો. ૨૨) માં 'ધેનુ' શબ્દથી 'કામધેનુ'નું સૂચન કર્યું છે. આ શ્લોક નીચે મુજબ છે:–

**"द्रुमैः सुराणां मणिभिश्च किं नृणां
पर्याप्तमाप्तैः कलशैः सधेनुभिः ।
चिन्त्या अचिन्त्या अपि सम्पदोऽखिला
ददाति जैनेश्वरधर्म एव तत् ॥ २२ ॥"**

કૃપાવિજયના શિષ્ય **મેઘવિજય** વાચકે **વિમલનાથસ્તવન**ની નિમ્નલિખિત પંક્તિમાં 'કામધેનુ' શબ્દનો પ્રયોગ કર્યો છેઃ—

"કામધેનુ ચિન્તામણિ હે નાથ ! ન આવે જોડ"

વિમલ મુનિએ રચેલી **સીમંધરજિનસ્તુતિ**ના પ્રારંભમાં જ કામધેનુનો ઉલ્લેખ છે. પ્રસ્તુત પંક્તિ નીચે પ્રમાણે છે:—

"મુજ આંગણુ સુરતરુ ઉગીયો, કામધેનુ
ચિંતામણિ પુગિયો."

'ન્યાયાચાર્ય' યશોવિજયગણિએ **મહાવીર-જિન-સ્તવન**ની પહેલી કડીની નીચે મુજબની છેલ્લી બે પંક્તિમાં 'કામધેનુ'નો ઉલ્લેખ કર્યો છે.—

"કલ્પતરુ કામઘટ કામધેનુ મિલ્યો,
આંગણે અમિયરસ મેહ વૂઠો."

વિ. સં. ૧૪૧૨માં રચાયેલા **શ્રીગૌતમસ્વામીરાસ**ની છઠ્ઠી ઢાલની પાંચમી કડી–એકંદરે ૫૬મી કડીની નિમ્નલિખિત પંક્તિમાં 'કામગવી' શબ્દ છે:—

"કામગવી પૂરે મનકામિય,
અષ્ટમહાસિદ્ધિ આવે ધામિય"

આ ઉપરથી જોઇ શકાશે કે સંસ્કૃત, પાઇય અને ગુજરાતી એમ વિવિધ ભાષાઓમાં રચાયેલી કૃતિઓમાં જૈન ગ્રન્થકારોએ 'કામધેનુ' શબ્દનો કે એના પર્યાયનો ઉપયોગ કર્યો છે. અહીં તો નમૂના તરીકે થોડાંક ઉદાહરણો રજૂ કર્યાં છે. જૈન સાહિત્યમાંથી બીજા શોધી શકાય તેમ છે અને એ કાર્ય મુશ્કેલ નથી, તેમ છતાં એ પણ આગળ ઉપર થતાં 'કામધેનુ' જેવો શબ્દો–લૌકિક સાહિત્યનો શબ્દ વાપરનાર પ્રથમ કયા જૈન ગ્રન્થકાર છે અને એમની એ કૃતિ કઇ ભાષામાં છે તે નક્કી કરવું સુગમ થશે એટલું સૂચવી આ લઘુ લેખ પૂર્ણ કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "મહાભારતમાં એક પ્રસંગમાં આ કથા છે."

એક વાર દુર્વાસા મુનિએ સો કે હજાર બે હજાર વર્ષ તપશ્ચર્યા કરી. પછી તપશ્ચર્યા પૂરી થઇ માનીને તપોબળમાં કેટલો વધારો થયો તે અજમાવવાનો વિચાર કરતાં હતા એવામાં ઝાડ પરથી એક ચકલું ચરકયું, તેની હુંફાળી અઘાર એમના ખભા પર પડી. મુનિએ ઊંચી નજરે ફેંકી ગુસ્સામાં ચકલા સામે જોયું કે તરતજ તે તરફડીને નીચે પડયું ને મરી ગયું. મુનિમહારાજને ખાત્રી થઇ કે "સોદામાં નફો થયો છે."

ઘણા વખતથી મુનિની હોજરી ખાલી હતી, તેથી તે તુંબડી લઇ ગામ ભણી ભિક્ષા માટે ઊપડ્યા અને એક નાનકડા ઘર આગળ આવી "અહલ્લેક" કે "ભિક્ષાન્દેહિ" કરીને ઊભા રહ્યા. બારણું અડકાવેલું હતું. અંદરથી કોઇએ તરત જવાબ ના આપ્યો. મુનિએ ફરીથી પોકાર કર્યો પણ જવાબ ન મળ્યો, અંદર કોઇ બોલતું હતું, તે તો મુનિએ સાંભળ્યું. ત્રીજી વાર મુનિએ જોરથી પોકાર કર્યો. ત્યાં એક સાધારણ સ્થિતિની સ્ત્રીએ બારણું ઉઘાડયું અને મુનિનું સ્વાગત કર્યું. મુનિ લાલ આંખ કરી જોઇ રહ્યા હતા, સ્ત્રીએ જોયું કે મુનિ સ્વાગત સ્વીકારતા નથી અને ક્રોધથી લાલ પીળા થઈ ગયા છે, એટલે સ્ત્રીએ કહ્યું "મુનિશ્રી" આ જંગલની ચકલી નથી." મુનિનો ગર્વ ગળી ગયો અને ટાઢા પડ્યા. પૂછ્યું કે "આર્યે! તને જંગલની ચકલીના વાતની શી રીતે ખબર પડી? અને મારી સિદ્ધિ અહીં હવાઇ કેમ ગઈ તે મને સમજાતું નથી. તું ખુલાસો કર."

સ્ત્રીએ ખુલાસો કર્યોઃ આ ઘર તુલાધાર વૈશ્યનું છે. હું તેની અર્ધાંગના છું. તુલાધાર કે હું શાસ્ત્રો ભણ્યાં નથી, તપશ્ચર્યા કરી નથી, અમે એકમાર્ગી છીએ, તુલાધારની દુકાને અમુક ટકા નફો ચઢાવીને જ માલ વેચાય. હોંશીયાર માણસ આવે કે બાળક આવે, સ્ત્રી આવે કે ભોળો ગામડીઓ આવે, બધાને એક જ ભાવે માલ મળે, વજનમાં કોઇનેય ઓછું ન અપાય. આમ અમે પવિત્ર અન્ન ખાનારા છીએ, અમારી કમાણી કલંકિત નથી, હું પણ મારો ધર્મ ટૂંકામાં એટલો જ સમજું છું કે પતિ વ્યાપારનું કામ સંભાળે છે અને પવિત્રતાથી વ્યાપાર કરે છે તેમ મારે ઘરનું કામકાજ સંભાળવું, સંતાન પ્રત્યેની ફરજ, અતિથિ પ્રત્યેની ફરજ, કુટુંબીઓ પ્રત્યેની ફરજ, સમાજ પ્રત્યેની ફરજ બજાવવી અને આનંદથી આયુષ્ય વીતાવવું. અમારા આવા વર્તનથી લોકો અમારા પર પ્રેમ રાખે છે. અમારી દુકાને ઘરાકી સારી છે. અમને આવશ્યકતા પ્રમાણે આવક છે, અમને લોભ નથી, અસંતોષ નથી, તેથી અમારા ઘરમાં કલેશ નથી. અમે યથાશકય પ્રભુભક્તિ કરીએ છીએ. તમે આવીને અહલ્લેક પોકારી ત્યારે હું મારા પતિને પીરસતી હતી. થોડીવારે તે કામ પૂરું થતાં તેમણે મને આજ્ઞા આપી એટલે હું હાથ ધોઇને આવી. દરમ્યાન તમે ગરમ થયા પણ મારે મારો ધર્મ ચૂકવો નહોતો, તમે પૂછો છો કે અનેક વર્ષોની તપશ્ચર્યાથી જે મળે તે પરોક્ષ જ્ઞાન તને શી રીતે પ્રાપ્ત થયું? મારો ક્રોધ તને બાળી કેમ ના શકયો? તેનો જવાબ મારી આ હકીકતમાં આવી જાય છે, નીતિ, સદાચાર, નિષ્કલંક અન્નનો આહાર, નિર્લોભ વૃત્તિ અને સ્વધર્મ વિષે અગડપણું એજ અમારી સિદ્ધિનું કારણ છે. સંસારમાં રહીને અમે આજ તપશ્ચર્યાને સર્વ ફલપ્રાપ્તિનું સાધન માનીએ છીએ અને તે ખરૂં છે તે તમે પ્રત્યક્ષ જોયું. દુર્વાસા મુનિનો ગર્વ ગળી ગયો.

**"આજે હિંદી પ્રજા કયે માર્ગે ચાલી રહી છે?"**

આઝાદ સરકારના અમલદારો, વેપારી, કાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચારુશીલા રમણીરત્નો.

**લેખક–મોહનલાલ દીપચંદ ચોકસી**

## ચતુર્વિધ સંઘ સ્થાપના—

મોટા ભાઇ, ભગવંતનું સમવસરણ હવે કેટલું દૂર છે?

બ્રાહ્મી, આપણે વિનીતાની ભાગોળ તો વટાવી ચૂકયા, અને આ વળાંક પૂરો થતાં સામે પુરિમતાલ પરું. ત્યાં જ ભગવંત બિરાજે છે.

સુંદરી–દાદીમા, ટટાર થઇ જાવ. લાંબા સમયની અભિલાષા હવે તો હાથવેંતમાં પૂર્ણ થવાની ઘડી બજી રહી છે. જુઓને, દૂર ક્ષિતિજમાં, બાળરવિના ચેતનાદાયી કિરણોમાં પેલું સુવર્ણ જેવું ઝળહળાયમાન દેખાય છે એ જ સમવસરણ હોવું જોઇએ. દુંદુભિનાદ પણ હવે તો સંભળાય છે.

ભરત–સુંદરી, તેં ઠીક નજર દોડાવી. એ જ પ્રથમ તીર્થપતિને કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી બેસી દેશના દેવાનુદેવરચિત અનુપમ સ્થાન. દેવોના ગમનાગમન તો આકાશ પ્રતિ દૃષ્ટિ કરતાં સ્પષ્ટ જણાય છે.

માતાજી, અરે દાદીમા, રોજ મને ઉપાલંભ આપતાં હતાં. વારંવાર કહેતાં હતાં કે–મારો દિકરો ટાઢ–તાપના કષ્ટો વેઠે છે છતાં તું જરા પણ ભાળ રાખતો નથી! વારસા તરીકે સોંપી ગયેલા વૈભવમાં જ મસ્ત રહે છે! હવે આંખો ઊઘાડી જોઇ લ્યો કે તમારા એ લાડકવાયાએ ઇચ્છાપૂર્વક પરિષહો સહન કરી કેવી અપૂર્વ લક્ષ્મી પ્રાપ્ત કરી છે! આજના એમના વૈભવ આગળ મારી સંપત્તિનું મૂલ્ય તો કોડીનું પણ નથી. મારા જેવો પામર માનવી એ મહાન્ વિભૂતિની કેવી ભાળ લેવાનો હતો? આજે તો એમની સાધના પૂર્ણરૂપે પ્રકાશી ઊઠી છે. એના બળે અહીં બેઠા સારા વિશ્વના પરિણામ જાણે છે. એમની સેવામાં જ્યાં સંખ્યાબંધ દેવો દોડાદોડી કરી રહ્યા છે ત્યાં અન્ય રિદ્ધિનું શું કહેવું! જરા નેત્રો ઊઘાડો એટલે વાતની પ્રતીતિ થશે. આ દિકરાને દુઃખી કહેવાય?

મરુદેવા માતા હસ્તિપીઠ પર રહ્યા રહ્યા, ભરતે જે દિશામાં અંગુલીનિર્દેશ કર્યો તે તરફ આંખો પર હાથ ફેરવી જોવા લાગ્યા. રોજના અશ્રુપાતથી ઝાંખાશ જામી હતી તે વારંવારના ખેંચાણથી અને પુત્ર શ્રી ઋષભની અનુપમ સાધનાના હર્ષથી દૂર થઇ ગઇ.

---

ખાનાના માલિકો, મજૂરો, પોલીસ, યુવાનો, યુવતીઓ, વૃદ્ધો પોતાનું હૃદય તપાસે, સેતાનનું સામ્રાજ્ય કાઢી નાંખવાના પ્રયત્નનું ફળ શૈતાનીયત વધારવામાં આવશે એવું નહોતું ધારતા!

આ ભગવાન મહાવીર, બુદ્ધ, રામ, કૃષ્ણ અને ભારતની ભૂમિ છે? આર્ય સંતાનોની આ આર્ય સંસ્કૃતિ છે? અહીં પોલીસ, સી. આઇ. ડી, વીલજીન્સ બ્રાંચ, લાંચરૂશ્વત વિરોધી પોલીસ, આ બધાની હસ્તી શું બતાવે છે? આ બધું શાથી બન્યું! નિષ્કલંક અન્ન કયારે ખાતા થઇશું અને નરકના ત્રણ દરવાજા ભગવાને ગણાવ્યા છે. કામ, ક્રોધ અને લોભ તેનાથી છૂટવા પ્રયત્ન કરીએ.

**કમળા બ્હેન સુતરીયા, M. A.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમવસરણ જોયું. એમાં વિરાજમાન પોતાનો બાલુડો જોયો. વાજિંત્રના નાદ સાંભળ્યા. દેવ-દેવીના આગમન નિહાળ્યા. ઘડીભર જોઇ રહ્યા. એકી ટશે પુત્રની નજર આકર્ષવા પ્રયત્ન કર્યો.

ત્યાં તો અચાનક હૃદય હાલી ઊઠયું! મગજમાં વિચાર ઉદ્‌ભવ્યો! સહજ પ્રશ્ન ઊઠ્યો—

શું આ જ મારો બાલુડો ઋષભ! તો પછી મને જોઇને દોડી આવતો કેમ નથી? અરે! તું સુખી છે કે દુઃખી એવા સમાચાર પૂછવા જેટલો વિવેક કેમ કરતો નથી! સંપત્તિના શિખરે બેઠેલ તે મારા સામું આંખ સરખી પણ ફેરવતો નથી!

જેની ચિંતામાં મેં મહિનાઓ પર્યંત અશ્રુ સાર્યા, અરે! આંખોના તેજનું લીલામ કર્યું. 'મારો ઋષભ, મારો ઋષભ' કહી રોજ કલાકો સુધી રટણ કર્યા કર્યું! એ તો જાણે મને ઓળખતો પણ નથી!

દાદીમાના પાછલા શબ્દો કંઇક મોટેથી ઉચ્ચરાયેલા જે નજિક બેઠેલી સુંદરીના સાંભળવામાં આવતાં જ તેણી બોલી ઊઠી—

માજી, તમો હજુ પણ રાગનો પલ્લો છોડતાં નથી! તમારો એક કાળનો એ પુત્ર, અમારા એક સમયના એ પિતા, આજે તો વીતરાગ બનેલા હોવાથી તેમનામાં રાગ કે સ્નેહનો છાંટો ન જ હોય. તેઓશ્રીને મન માતા કે પુત્ર-પુત્રીના સંબંધ કેવા? આપણે જ રાગમાં અંધ બની 'આ મ્હારું, તે મ્હારું, આ મેં જ કર્યું' એવી ઊભી કરેલી જંજાળમાં બૂડેલા છે. જ્ઞાનબળે તેઓશ્રી તો આ સ્વરૂપ જોઈ, એનાથી હાથ ઉઠાવી ચાલી નીકળ્યા, એટલું જ નહીં પણ આજે તો આત્માના મૂળ ગુણ પ્રગટ કરી કૃતકૃત્ય પણ બની ચૂકયા જ્ઞાની ભગવંતનુ ટંકશાળી વચન છે કે—

'वीतरागाः निःस्नेहाः' વીતરાગ ભગવંત સ્નેહવિહુણા હોય છે, માટે પુત્રપણાનો સંબંધ ભૂલી, હવે ધર્મપ્રવર્તક તરીકે ઓળખો.

હં, હં જાણ્યું દીકરી! હું જ ભોળી કે ઘરથી આ સમજ ન પામી અને ઋષભ પાછળ અશ્રુ સાર્યા કર્યાં. એ લાડકવાયાને નિહાળ્યો. અરે! એની રિદ્ધિસિદ્ધિ જોઈ. સર્યું એ એકપક્ષી સ્નેહથી. કોના છોકરા અને છૈયા! સંસાર તો મુસાફરખાના જેવો. એમાં જુદી જુદી ગતિમાંથી જીવો જૂદા જૂદા સ્વાંગ સજી આવે, પૂર્વના ઋણાનુબંધ પ્રમાણે સાથે રહે-સ્વજન તરીકે ઓળખાય. વહેવાર ચલાવે અને જ્યાં અવધિ પૂરી થાય કે ચાલી નીકળે. એક ક્ષણ માત્ર થોભે નહીં. સંચિત કરેલ કર્મો પ્રમાણે પુનઃ ભવભ્રમણ આરંભે. જો આ જ દુનિયાનો ક્રમ છે, તો પછી શા સારુ પુત્ર કે પૌત્રની માયામાં લપટાઇ માનવ ભવ હારી જવો?

પુત્રી, તારી વાતથી મને સમજાયું કે 'હું અને મારું' એ માન્યતાથી જ અંધ બનેલી હું 'આત્મા'ને કે એના મૂળ સ્વભાવને ઓળખી શકી નથી! બાકી સાચું તો એ છે કે 'હું કોઇની નથી અને મારું કોઇ નથી' સંસારમાં જે કંઈ દેખાય છે, નજરે ચઢે છે એ સર્વ અનિત્ય છે, વિધ્વંસસ્વભાવી છે, નાશવંત છે, ક્ષણિક છે. પોતાનો આત્મા જ શાશ્વત છે. માનવ જીવન, આત્માના મૂળ ગુણો જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે અને જેના ઉપર કાળની ભીંસથી આવરણો ચઢી ગયા છે એ ખંખેરી નાંખી પુનઃ નિર્મળ કરવા સારુ છે. ઋષભ મારો નથી અને હું ઋષભની નથી. એમ બોલતાંજ હસ્તીની પીઠ પર મરૂદેવા માતા ધ્યાનમગ્ન બની ગયા. સુંદરી જ્યાં સમવસરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતાં ઉતરવાનું કહે છે ત્યાં તો દેવોની દુંદુભિ જોરશોરથી વાગી ઊઠે છે. માતા તો શબરૂપ બની ગયા છે! હુંસલો તો ઊડી ગયો છે!

પક્ષીવિહોણું પિંજર કયાંથી અવાજ સંભળાવે! ઘડીભર તો ભરત અને સુંદરી તેમજ બ્રાહ્મી આદિ સૌ અવાક્ બની ગયા! માતાને એકા-એક આ શું થઈ ગયું? આ તો સરોવરે આવી તરસ્યા રહ્યા જેવું થયું!

ત્યાં તો ભગવંત પાસેથી સંદેશ આવ્યો. મરુદેવામાતા તો અનિત્ય ભાવનામાં આગળ વધી અંતગડ કેવલી થઇ, મોક્ષમાં પહોંચી ગયા! આ પ્રસંગ કંઇ શોક કરવા ન લેખાય.

ત્યાં તો શક્રેન્દ્ર આવી કહેવા લાગ્યા:

ભરતરાજ! આપ સરખા સમજુને શું કહેવું? પ્રથમ તીર્થપતિ ઋષભ જેવો પુત્ર અને મરુદેવા જેવી માતા એ તો અજોડ પ્રસંગ! વર્ષોના આકરા પરિષહો વેઠી મહાપ્રયાસે જે કેવલજ્ઞાન પ્રભુએ મેળવ્યું તે પોતાની જનનીને આ રીતે સહજ આપી દેનાર પુત્ર તો વીરલ જ જોવા મળે! ભગવંતના સમવસરણને જોયા વિના, માતાને હસ્તીપીઠ પર ઓછું જ ભાવનાનું નિમિત્ત મળવાનું હતું. 'નિમિત્તવાસી આત્મા' એ વચન ટંકશાળી છે.

વળી એ માતા પણ જબરા પુત્રવત્સલ. પોતાનો દીકરો અપાર યાતનાઓ વેઠી શાશ્વત રહેવાવાલી જે શિવસુંદરીરૂપ પુત્રવધૂ સાથે છેડો ગાંઠી આવ્યો તે રૂપ-રંગ કિંવા ગુણમાં કેવી છે! પુત્રનો શુકરવાર વાળે તેવી છે કે કેમ? એ જાણે પહેલેથી જાણી લેવું ન હોય, એ સારુ એના આવાસે પહેલા દોડ્યા! આવો અપૂર્વ સંયોગ તો નશીબદારના ભાલે લખાયો હોય. બોલો જય જય નંદા, જય જય ભદ્દા.

દેવ અને માનવો પોતપોતાના વહેવાર પતાવી જ્યાં આ અવસર્પિણીકાળના ત્રીજા આરાના પ્રાંત ભાગે થયેલા પ્રથમ તીર્થપતિ શ્રી યુગાદિ જિનેશની અમૃતદેશના સાંભળવા એકચિત્ત બન્યા, ત્યાં ભગવંતે શરૂઆત માનવભવની દુર્લભતાથી કરી. આત્મા અને કર્મ અથવા તો ચેતન અને જડ યાને પુદ્ગલ વચ્ચે અનંતકાળથી ચાલતા સંગ્રામનું સ્વરૂપ વર્ણવી બતાવ્યું. જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ આત્માના સ્વભાવની પિછાન કરી એ પર લાગેલા આવરણો દૂર કરવા સારુ કમર કસવાની અગત્ય પર ભાર મૂકયો. એ સફળતાથી કરવા સારુ સીધો માર્ગ તો 'સંયમ'નો દાખવ્યો. જોડે જણાવ્યું કે એ છે તો સીધો પણ એમાં કામ છે અડગ અને સંપૂર્ણ વીર્યશાળીનું. કષ્ટ-પરંપરાની ભૂતાવળ સામે જોતાં જ કાયર તો મૂઠી વાળી ભાગી જાય! બીજો ચક્રાવાવાળો માર્ગ પણ છે. એમાં સહન કરવાનું ઓછું છે; અને ઇષ્ટસિદ્ધિ કરવામાં એ માર્ગે સમય બહુ વ્યતીત થાય છે. આ જાણ્યા પછી પ્રત્યેક આત્માએ-અહીં બેઠેલા શ્રોતાએ-પોતાના સંયોગો જોવા-અંતરનો અવાજ પારખવો અને ઉભયમાંથી એક માર્ગ ગ્રહણ કરવો. માર્ગ લેનારા આત્માઓમાંથી જ મારા શાસનના મંગળાચરણ થશે. એમાં કાળપ્રભાવે ભરતી-ઓટ આવશે. એ જ રીતે મારી માફક બીજા ત્રેવીશ તીર્થપતિઓ થશે અને પોતાના સંયોગો ધ્યાનમાં લઈ શાસન સ્થાપશે. ભવિ જીવોના માર્ગદર્શક બનશે. ચરમ જિન શ્રી વર્ધમાનનું શાસન પાંચમા આરાના અંત ભાગ સુધી પ્રવર્તશે.

ભગવંત યુગાદિની મીઠી વાણી સાંભળી પર્ષદામાંથી સંખ્યાબંધ આત્માઓ ઊભા થયા એમાં ભરતના પુત્ર પુંડરીક ઊર્ફે ઋષભસેન મરીચી વિગેરે હતા જ્યારે ભગવંતની પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી નારીગણમાં મોખરે હતી. સૌ એક સાથે કરજોડી બોલ્યા:

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આધ્યાત્મિક સમીકરણ.

અનુ૦ '**અભ્યાસી**' બી. એ.

સંસારની કોઇ મૂલ્યવાન વસ્તુ પ્રાપ્ત કરવા માટે કાં તો એટલા જ મૂલ્યની બીજી વસ્તુનો ત્યાગ કરવો પડે છે અને કાં તો તેની કિંમત આપણા પરિશ્રમવડે ચુકાવવી પડે છે. સાંસારિક વ્યવહારમાં હમેશાં લેણ-દેણની બરાબરી રહે છે. જેટલું આપણે બીજાને આપીએ છીએ તેટલું જ આપણે એની પાસેથી લઇ શકીએ છીએ, એવી રીતે આપણે આપેલી વસ્તુનો બદલો જરૂર મળે છે. કોઇપણ પ્રકારનો ત્યાગ વ્યર્થ નથી જતો અને કોઈ પ્રકારનો લાભ ત્યાગ વગર થઇ શકતો જ નથી. આ નિયમને 'આધ્યાત્મિક સમીકરણ' કહેવામાં આવે છે. સમીકરણ સાથે આધ્યાત્મિક શબ્દ એટલા માટે જોડવામાં આવ્યો છે કે સમીકરણની ક્રિયા બાહ્ય જગતમાં હમેશાં સ્પષ્ટ નથી હોતી, પરંતુ એનું કાર્ય અવ્યક્ત ચાલ્યા કરે છે એ આધ્યાત્મિક દૃષ્ટિથી જોઇ શકાય છે.

કોઇપણ માણસ બીજાનો ઉપકાર લઇને મોટો રહી શકતો નથી. તેનું તપોબળ ક્ષીણ થઇ જાય છે. તે લોકસન્માનનો અધિકારી રહેતો નથી. તેમજ તેની પાસે દૈવી વિભૂતિ ટકતી નથી. ગમે તેવો મોટો માણસ કોઇને છેતરશે તો તેની ઠગાઈ તેને જરૂર નીચે પાડી દેશે. જ્યાં સુધી માણસ પોતાના પાપનો સ્વીકાર નથી કરતો ત્યાં સુધી તેનાથી મુક્ત થઇ શકતો નથી.

આપણે હમેશાં આપવાની ભાવનાને જ આપણા હૃદયમાં દૃઢ કરવી જોઇએ. એનાથી આપણને આત્માના વિરાટ સ્વરૂપનું જ્ઞાન થાય છે, તેની પાર્થિવતા ઘટી જાય છે અને આનંદના શુદ્ધ સ્વરૂપનું ભાન થાય છે. માગવાની વૃત્તિનું પરિણામ એનાથી ઊલટું આવે છે. સંસારમાં જે કોઈ મહાન થાય છે તે ત્યાગ, દાન અને સેવાની ભાવનાથી જ થાય છે. દેવાનું અને

---

તીર્થપતિ ! સંસારની અસારતા અમારા હાડમાં ઉતરી ગઇ છે. માનવ જીવન સફળ કરવાનો અમારો નિરધાર છે. આપશ્રીના ચરણમાં રહી એ કાર્ય આદરવા અમો ઉદ્યુક્ત છીએ. એ અંગેનો વિધિ દર્શાવવા કૃપા કરો.

ભગવંત બોલ્યા—વીતરાગનો ધર્મ વિનયપ્રધાન છે. તમારી અભિલાષા પ્રશંસનીય છે. વ્યવહાર માર્ગનું ઉલ્લંઘન ન થાય એ સારુ સૌ-પ્રથમ તમારા પિતાની—વડિલની આજ્ઞા મેળવો. તેઓની સંમતિ વિના ભાગવતી દીક્ષા જેવી અતિ પવિત્ર ક્રિયા કરી શકાય નહીં.

ઋષભસેન આદિના મુખ ભરતરાજ પ્રતિ વળ્યા. અન્ય માનવોએ પોતાના વડિલો તરફ મ્હોં ફેરવી આજ્ઞા માંગી. બ્રાહ્મી તથા સુંદરી માટે વડિલ તરીકે ભરતરાજ જ હતા. એટલે તેમણે પણ એમની જ રજા પ્રાર્થી.

ભરતરાજે એક સુંદરી સિવાય સૌને હા ભણી. સુંદરી, રાજવીનો 'ન'કાર કમને ગળી ગઇ !

ભગવંતે સાધુમુખ્ય પુંડરીકજી, સાધ્વી-મુખ્ય બ્રાહ્મી, શ્રાવકમુખ્ય ભરત અને શ્રાવિકા-મુખ્ય સુંદરીને સ્થાપી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવવાનું પલ્લું હમેશાં સરખું રહે છે. તે જ આધ્યાત્મિક સમીકરણ છે.

બની શકે ત્યાં સુધી નાનામાં નાની વસ્તુ પણ કોઇની પાસેથી કિંમત આપ્યા વગર ન લેવી જોઇએ. કોઇ કારણવશાત્ લેવી પડે તો તેનો બદલો સત્વર ચુકાવી દેવો જોઇએ. જે માણસ બીજાના ધનના વિશ્વાસે રહે છે તેનું જીવન કદિપણ સુખી થઇ શકતું નથી. આપણે વારંવાર આપણા પાડોશી પાસેથી કોઇ વસ્તુ માગવી ન જોઇએ. એનાથી આપણું સન્માન ચાલ્યું જાય છે. આપણા વ્યક્તિત્વની મહત્તા ત્યાં સુધી જ રહે છે જ્યાંસુધી આપણે આપણો હાથ કોઇની સામે લંબાવતા નથી. જ્યારે આપણે કોઇ માણસની કોઇ પણ પ્રકારની સેવાનો સ્વીકાર કરીએ છીએ ત્યારે ભલે બાહ્યરૂપે એ વ્યવહારનું કશું પરિણામ ન દેખાય, તે આપણી પાસેથી કંઇપણ મેળવવાની આશા ન કરે તો પણ આપણે અને તેનો સંબંધ અવ્યક્તરૂપે તો બદલાઇ જ જાય છે. તે પોતાની જાતને ઊંચી માનવા લાગે છે અને આપણે તેની દૃષ્ટિમાં નીચા બની જઇએ છીએ. એ 'આધ્યાત્મિક સમીકરણ'ના નિયમ અનુસાર છે. જ્યાં સુધી તમે ગમે તેટલા શ્રીમાન માણસ પાસેથી કાંઇ પણ મેળવવાની ઇચ્છા નથી રાખતા ત્યાં સુધી તમારા બન્નેમાં બરાબરીની ભાવના રહે છે, પરંતુ આપણાં હૃદયમાં એની પાસેથી કોઈ સ્વાર્થ સાધવાની ભાવના થઇ કે તરતજ આપણું પલ્લું હલકું થઇ જશે અને તેનું ભારે થઈ જશે. તમારો બન્નેનો વ્યવહાર તુરતજ બદલાઇ જાય છે. એ વાતનો સ્પષ્ટરૂપે તમે બન્ને સ્વીકાર નહિ કરો તો પણ બન્નેનું અવ્યક્ત મન એ વાતનો અનુભવ કરવા લાગે છે અને અનેક પ્રકારની ક્રિયા દ્વારા એ છૂપી ભાવના પ્રકટ થવા લાગે છે.

સંસારના ધનવાન લોકો વિદ્વાનોને દ્રવ્ય આપીને અને રાજસત્તાના અધિકારી અનેક પ્રકારના ખિતાબ આપીને પોતાનો અધિકાર તેઓના ઉપર જમાવે છે. ખિતાબ લેનારની બુદ્ધિ હમેશાં ખિતાબ આપનાર સત્તાની ગુલામ રહે છે. એટલા માટે મ. ગાંધીજીએ ૧૯૨૧માં ભારતવાસીઓની બુદ્ધિ સ્વતંત્ર કરવા માટે સરકારી ખિતાબ છોડી દેવાનો જનતાને આદેશ આપ્યો હતો.

'આધ્યાત્મિક સમીકરણ'નો નિયમ એ બતાવે છે કે કોઇપણ કાર્યને અને તેના ફલને કોઇ પ્રકારે જુદા પાડી શકાતા નથી. જો કોઈ ખરાબ કામ કરશે તો તેનું ફળ તેને અવશ્ય ભોગવવું પડશે. અને સારું કામ કરશે તો તેને તેનું સારું પરિણામ જરૂર મળશે જ. આપણે કાર્ય તથા તેના પરિણામનો અનિવાર્ય સંબંધ એટલા માટે જ જોઇ શકતા નથી કે એ બેની વચમાં સમયનો મોટો વ્યવધાન પડી જાય છે. જે પુરુષોની દૃષ્ટિ સૂક્ષ્મ હોય છે તેમજ તે સંબંધ સારી રીતે જોઈ શકે છે. આપણાં સઘળાં કામોને એક નિત્ય સાથી આત્મા જુએ છે અને તેનાથી કોઇ રીતે છુપાવી શકાતા જ નથી. કોઇ કામ કરવામાં આવે છે કે તરત જ તેનો નોંધ થઇ જાય છે અને સમય આવતાં તેનું ફળ મળે છે જ.

જો કોઇ મનુષ્ય કોઇની ખરા દિલથી સેવા કરે છે તો તેનું ફળ તેને અવશ્ય મળે છે. પહેલાં તો જે માણસની સેવા કરવામાં આવે છે તે આપણા અનુગ્રહના ભારથી દબાયલો રહે છે, પરંતુ એ લાભ તો બાહ્ય છે, જે કોઇ વાર થાય છે અને કોઇ વાર નથી થતો. ખરો લાભ તો આપણી મનોવૃત્તિની શુદ્ધિ થવાનો છે. બીજાને દુ:ખ દેવાનો વિચાર આપણાં મનને કલુષિત કરે છે અને બીજાને સુખ આપવાનો વિચાર મનને પુનિત બનાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણું કલુષિત મન જ સઘળાં દુઃખોનું મૂળ છે અને પવિત્ર મન આનંદનું ગૃહ છે. જેનું મન સારું હોય છે તે સઘળી પરિસ્થિતિમાં પ્રસન્ન રહે છે, બાહ્ય જગત એને સંતાપ નથી આપતું, તથા જેનું મન બીજાને નુકસાન કરવામાં પોતાનું સુખ જુએ છે, જે હમેશાં ઇર્ષ્યાથી બળ્યા કરે છે તથા લોભના પંજામાં ફસાયલ છે તે સર્વ પ્રકારની અનુકૂળ પરિસ્થિતિમાં પણ દુઃખી જ રહે છે.

આપણે સંસારમાં બીજાની સાથે વ્યવહાર કરવામાં ઘણા સતર્ક રહીએ છીએ. આપણને હમેશાં ભય રહ્યા કરે છે કે કદાચ આપણને કોઇ છેતરી ન જાય એ ભય 'આધ્યાત્મિક સમીકરણ ' નો નિયમ સારી રીતે સમજવાથી ચાલ્યો જાય છે. આપણને આપણા પોતા સિવાય બીજો કોઇ સંસારમાં છેતરી શકતો નથી. સંસારના સઘળા વ્યવહારોનો સાથી એક પરમાત્મા જ છે. એ આપણા સઘળા આંતરિક વિચારોને જાણે છે અને જેની જેવી ભાવના હોય છે તે અનુસાર તેને ફળ મળે છે. તે હંમેશાં ન્યાયની રક્ષા કરે છે જ્યારે આપણે એ શક્તિ ઉપર વિચાર કરીએ છીએ ત્યારે આપણો ભય આપણને મોટી ભૂલરૂપ માલૂમ પડે છે, ઠગ ઠગાઇ કરવામાં પોતાના આત્માને જ ખાડામાં નાખે છે. સાધુ પુરુષ કોઇ પ્રકારે ઠગાતો જ નથી. જે માણસ છેતરવાનો વિચાર પોતાના હૃદયમાં સેવ્યા કરે છે તે ભૌતિક લાભ તો મેળવે છે, પરંતુ પોતાના મનની શાંતિ ગુમાવી દે છે. સાધુ પુરુષને ઠગ દ્વારા ભૌતિક નુકસાન પહોંચે છે, પરંતુ તેનાથી તેના આધ્યાત્મિક સુખમાં જરાપણ ક્ષતિ નથી થતી.

' આધ્યાત્મિક સમીકરણ ' ના નિયમને સમજનાર માણસ કોઇ પણ કાર્ય છુપાવીને નથી કરતો. જે વાત આજે આપણે ઘરના ઓરડામાં છુપાઇને એક ખૂણામાં કરીએ છીએ તે એક દિવસ ઘરનાં છાપરાં ઉપરથી સંસારને બતાવવામાં આવે છે. એ ' આધ્યાત્મિક સમીકરણ '-નો નિયમ છે. વસ્તુતઃ સંસારના દુઃખનું કારણ એ જ છે કે આપણે આપણાં દુષ્કર્મો બીજાથી છુપાવવા ચાહીએ છીએ. દુઃખોદ્વારા આપણે એનું પ્રાયશ્ચિત કરવું પડે છે. જે છુપી રીતે કરવાનું કાર્ય હોય છે તે પોતે આત્માને અગ્રાહ્ય હોય છે. એથી એ એક પ્રકારનો વિકાર છે કે જેને શારીરિક અને માનસિક દુઃખોદ્વારા મનમાંથી બહાર કાઢવામાં આવે છે. એ દુઃખોદ્વારા આત્મશુદ્ધિ થાય છે અને ત્યારે જ પ્રકાશ અને જ્ઞાન થાય છે.

લોકો કહ્યા કરે છે કે પાપ કરનાર માણસ નરકે જાય છે અને પુન્ય કરનાર સ્વર્ગે જાય છે. એ રીતે સઘળા ધર્મોપદેશકો લોકોને સદાચારી બનાવવાના પ્રયત્ન કરે છે. તથા જે લોકો સદાચારથી જીવન વ્યતીત કરતાં હોવા છતાં પણ અનેક પ્રકારના કષ્ટ ભોગવે છે તો તમે એક જાતનો સંતોષ આપે છે. તેઓ એમ માને છે કે જે સત્કર્મોનું ફળ અહિંયા નથી મળતું તે આવતા જન્મમાં મળશે અને દુષ્કર્મી લોકો આવતા જન્મમાં દુઃખ ભોગવશે. આ પ્રકારના વિચારો ખરી રીતે સમાજને ભારે નિયમમાં રાખે છે અને ગરીબ તવંગરની ભાવનાથી પેદા થનાર દુઃખને સહન કરવા યોગ્ય બનાવી દે છે. પરંતુ તર્ક-પ્રધાન બુદ્ધિશાળી લોકો આવાં વિચારથી સંતોષ નથી પામતા. અને લોકો આ ભાવનાનો દુરુપયોગ પણ કરે છે. તેથી રશિયાનો સુપ્રસિદ્ધ લેખક બેકોનિન આ પ્રકારના વિચારોને ઠગની જાલ સમજે છે, જેમાં પડીને બિચારા ભોળા ભલા મજૂર અને ખેડુત લોકો ધનવાનોની પકડમાં ફસાઇને હમેશાં તેઓની ગુલામી કર્યા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન દર્શનના મહાન જ્યોતિર્ધર યુગવીર આચાર્યદેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો ૮૦ વર્ષમાં સુખપૂર્વક પ્રવેશ.

સં. ૨૦૦૬ ના કારતક શુદ ૨ રવિવારના મંગળમય પ્રભાતે જૈન શાસનરત્નરૂપ શાસનપ્રભાવક આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે ૮૦ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. કેટલાક માણસો એવો મત ધરાવે છે કે સાઠ વર્ષ પછી મનુષ્યની



શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ

બુદ્ધિ નાશ પામે છે. આ માન્યતા ખોટી છે. દુનીયાના ઘણા મ્હોટા કામો, વૈજ્ઞાનિક શોધો વગેરે સાઠ વર્ષથી આગળ વધેલાએ કરી છે. જ્યાં ઈંદ્રિયવડે પરતંત્ર હોય ત્યાં બુદ્ધિનો નાશ થાય છે. બાકી પાકી વયે ગ્રહણ શક્તિ, સમજાવવાની શક્તિ, તર્ક શક્તિ, શુદ્ધ વ્યવહારનું નિરૂપણ અનુભવને પરિણામે ખુબ મજબૂત થતાં પાકી બુદ્ધિએ જ્ઞાનના પરિપાકવડે જે બોધ, સલાહ, સૂચના આપે તે અનુકરણીય બને છે. આ વાતના અનેક પુરાવાઓ આચાર્ય મહારાજના જીવનમાં પુષ્કળ મળી આવે છે.

પાંસઠ વર્ષનો દીક્ષાપર્યાય, જ્ઞાનાભ્યાસ, નિરતિચારપણે સંજમનું પાલન, જ્વલંત તપસ્યા અને અસાધારણ બ્રહ્મચર્યવડે આત્માની વિશેષ વિશેષ નિર્મળતા, થતાં કાયબળ ઉચ્ચ પ્રકારનું રહેતાં એક આંખે તેજ ઘટ્યા છતાં હજી સુધી આ ઉમરે પંજાબ, મારવાડ વગેરે દૂર દેશમાં સતત વિહાર કરે છે અને આ ચાતુર્માસ પૂર્ણ થયે મારવાડ-સાદડીથી વિહાર કરી પાલનપુર, અમદાવાદ, ગુજરાતમાં થઇ શ્રી પવિત્ર શત્રુંજય તીર્થની યાત્રા, પરમાત્મા આદિનાથ પ્રભુના દર્શનનો લાભ લેવા વિહાર કરી સૌરાષ્ટ્રમાં પધારવાના છે. ધન્ય છે આચાર્ય પ્રભુ! આપના સંયમ, જ્ઞાન ગરિષ્ટપણાને, બ્રહ્મચર્યને. જૈન જૈનેતર સમાજને આપ કૃપાળુએ અનુકરણીય, અનુપમ, ત્યાગી મહાપુરુષ તરીકેનો દાખલો પુરો પાડ્યો છે.

આપ કૃપાળુના જીવનનું ધ્યેય, બીજા ધ્યેય સાથે શ્રાવક ક્ષેત્રની ઉન્નતિ કરવાનું નિરંતર છે જેથી તે ક્ષેત્રને બંને પ્રકારનું શિક્ષણ પૂરું પાડવા માટે શ્રી મહાવીર વિદ્યાલય, ગુજરાનવાળા ગુરૂકુળ, હુશીયારપુર વગેરે પંજાબના શહેરોમાં હાઇસ્કુલો, અંબાલામાં જૈન કોલેજ, મારવાડમાં જ્યાં શિક્ષણનું નામ નહોતું ત્યાં સાદડી, વરકાણા, ઉમેદપુર વગેરે શહેરોમાં વિદ્યાલયો વગેરે શિક્ષણધામોની આપના નામની પરવા રાખ્યા વગર દેવ, ગુરુના નામો રાખી જૈન સમાજ ઉપર મહાન્ ઉપકાર કર્યો છે, અને દેવગુરૂનું નામ સ્મરણ આપ્યા છે. વિશેષ આપ કૃપાળુ દીર્ઘાયુ થઇ જ્ઞાનસંપત્તિ, શારીરિક સંપત્તિ, નિરોગીપણું વિશેષ વિશેષ પ્રાપ્ત કરી શાસનપ્રભાવના અને જૈન સમાજ ઉપર વિશેષ ઉપકાર કરો તેમ આજે અમો અને જૈન સમાજ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## એક અનુકરણીય અને અનુપમ પ્રસંગ.

**આદર્શ જૈન નરરત્ન શ્રાવકકુલભૂષણ રાવબહાદુર શેઠશ્રી જીવતલાલભાઇ પ્રતાપશીનું શ્રી શત્રુંજય પવિત્ર તીર્થની સાનિધ્યમાં નવ લાખ નવકાર મંત્રના આરાધન અર્થે મુંબઇથી થયેલું પ્રયાણ.**



શેઠશ્રી જીવતલાલભાઇ પ્રતાપશીભાઇ

રાંધનપુર જૈનપુરી ગણાય છે. શ્રીયુત **જીવતલાલભાઈ**ની જન્મભૂમિ છે. કુળપરંપરાગતથી જૈન ધર્મના સંસ્કાર અને શ્રદ્ધા વારસામાં તેઓશ્રીને મળ્યા હતાં. વ્યાપાર અર્થે મુંબઇ ગયા પછી પૂર્વ પુણ્યોદયે અનેક વ્યાપાર ઉદ્યોગોવડે લક્ષ્મી પણ વધતી આવી. વ્યાપાર ઉદ્યોગોમાં નિષ્ણાતપણું પ્રાપ્ત થયું અને શેર બજારના એક આગેવાન દલાલ, સોના, ચાંદી, રૂ વગેરેના મ્હોટા વ્યાપારી અને જૈન સમાજના એક લોકપ્રિય આગેવાન તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી અને અનેક ધાર્મિક ખાતાઓમાં ટ્રસ્ટીઓ તરીકે વરણી થવા લાગી. આત્મકલ્યાણ માટે ધાર્મિક ખાતાઓમાં સખાવતો પણ કરવા લાગ્યા. આટલો મ્હોટો બ્હોળો વ્યાપાર ઉદ્યોગની પ્રવૃત્તિ છતાં જૈન ધર્મને ઉચિત દિનરાત્રી ચર્યા સાથે સામાયક, પ્રતિક્રમણ, દેવપૂજા, આયંબીલ, ઉપવાસાદિ આત્મકલ્યાણની પ્રવૃત્તિ ચાલુ હતી. વિદ્વાન મુનિ મહારાજાઓના મુખે શાસ્ત્રશ્રવણનો લાભ પણ નિરંતર લેતા હતા, દરમ્યાન મનુષ્ય જન્મનું સાર્થક કરવાની ઉત્તમ ભાવના જાગી, અને ચૌદ મહિના સુધી સર્વ વ્યાપાર, સાંસારિક પ્રવૃત્તિને સર્વથા તિલાંજલિ આપી પવિત્ર શ્રી શત્રુંજયગિરિની સાનિધ્યમાં નવ લાખ નવકાર મંત્રનું આરાધન જાપ કરવાનો વિચાર થતાં આસો વદી ૭ શુક્રવારના રોજ શેઠ નગીનદાસભાઈ કરમચંદ અને શુમારે ત્રીશ વ્યક્તિઓના પરિવાર સાથે મુંબઈથી પ્રયાણ કર્યું. આ અપૂર્વ અને અનુપમ પ્રસંગ હોવાથી મુંબઇના સ્ટેશને અનેક જૈન ગૃહસ્થો અને મિત્રોએ ફૂલ હાર વગેરેથી સારું સન્માન કર્યું. રસ્તામાં વલસાડ અને વડોદરા જમણુ લીધું. સુરત ચા વગેરેથી સત્કાર થયો અને છેવટે આસો વદી ૮ શનિવારે સવારના નવવાગે સીહોર સ્ટેશને ટ્રેઇનમાં આવતાં **શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર**ના આગેવાન સભાસદોએ સીહોર સ્ટેશને ચા દુધ ફુલહાર વગેરેથી ઘણા જ માનપૂર્વક સત્કાર કર્યો. શેઠ જીવતલાલભાઇએ ચૌદ માસ સુધી ધંધારોજગારને બાજુએ મૂકી આત્મકલ્યાણ સાધવા માટે આ અસાધારણ અનુપમ પગલું ભર્યું છે તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. જૈન સમાજમાં એક અનુકરણીય દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

શ્રી શત્રુંજય તીર્થે આસો વદી ૧૩, વદી ૧૪ અને ( દીવાળી ) વદી ૦)) નો અઠ્ઠમ તપ કરી શ્રી નવકાર મંત્રની આરાધના શરૂ કરી છે અને હવે પછી ઉપધાન ( અઢારીયા ) માં પ્રવેશ કરવાના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રનાં અભિપ્રાયો.

સાદડી ( મારવાડ ) તા. ૯-૧૦-૪૯

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

શ્રી પાર્શ્વનાથ ચરિત્ર નામનું પુસ્તક મળ્યું. બાહ્યાભ્યંતર આકર્ષક અને આલ્હાદિત છે. વાંચનાર અને સાંભળનાર આનંદિત થાય છે, એમાં શ્રી ગણધર ભગવંતોનું પૂર્વભવોનું જીવનચરિત્ર આપેલું છે, એ ખાસ વિશિષ્ઠતા છે. સાહિત્યપ્રેમી શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીની લખેલ પ્રસ્તાવના પણ એની શોભામાં વધારો કરે છે.

આત્માને આનંદ આપનાર શ્રી જૈન આત્માનંદ સભા આવા આવા ઉચ્ચ સાહિત્ય ગ્રંથોનો પ્રચાર કરી જનતાના આત્માને આનંદ આપે.

ધર્મ સ્નેહ વિશેષ.

**આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી.**
**આચાર્યશ્રી વિજયલલિતસૂરીશ્વરજી.**

---

શ્રી જૈન આત્માનંદ સભાના સેક્રેટરી વલ્લભદાસ ત્રિભુવનદાસ આદિ ગોગ્ય ધર્મલાભ વિ. પત્ર તથા 'પાર્શ્વનાથ ચરિત્ર' બન્ને મળ્યા.

અવિચ્છિન્ન-પ્રભાવશાળી ત્રિકાલાબાધ્ય શ્રી જિનેન્દ્ર શાસન પામી ધર્મધ્યાનમાં ઉદ્યમ કરવો.

સાહિત્યપ્રચારમાં તમો ખૂબ જ આગળ વધી રહ્યા છો તે જાણી કોને આનંદ ન થાય ?

**આચાર્ય શ્રી વિજયલાવણ્યસૂરિજી મહારાજ**
**જામનગર.**

---

## श्री जैन आत्मानंद सभा-भावनगर.

**इस सभा द्वारा ज्ञान प्रचारके जरिये जैन जनतामें संस्कार अर्पण करनेका सभाका महान उपकार है और जैन सस्ता साहित्यकी स्कीम खडी कर देनेसे तो इस सभाका जीतना उपकार माना जाय उतना कमती है. ऐसे उत्तम कार्यको श्री मुनि महाराज, सेक्रेटरी साहेब, सभा वगेरे अन्य जैन भाई विगेरे तन, मन, धनसे मदद देकर आगे बढा रहे है इस लिये धन्यवाद के पात्र है. सभा दिन दिन उन्नति पर आवे और एसे प्रचार कार्यसे जैन दर्शनका जैन और जैनेतर में फेलाव होवे और शासन की दिन दिन उन्नति होवे यही शासन देवसे प्रार्थना.**

**दलीचंद पुनमचंदजी. गदग ( धारवार. )**

---

## સાદડી.

પૂ. પા. આ. ભ. શ્રીમદ્‌વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાનો આ. શ્રી વિજયલલિતસૂરિજી મ. આદિ શિષ્યમંડલી સહિત બિરાજવાથી શ્રી સંઘમાં ધર્મજાગૃતિ, સમાજજાગૃતિ સારી આવી રહી છે. એ પચરંગી તપશ્ચર્યા-પૂજા, પ્રભાવના થયાં. તપશ્ચર્યાના પારણા સવારે ગંગારામજી અને સાંજે શેઠ મુળચંદજીએ કરાવ્યાં.

આ. વ. સાતમે સંક્રાન્તિ હોવાથી પંજાબ, મારવાડ આદિના ગૃહસ્થો સારા પ્રમાણમાં પધાર્યા.

આચાર્યશ્રીજીએ માંગલિક સ્તોત્રપૂર્વક ભાદરવા સંક્રાન્તીનું નામ સંભળાવી ધર્મ સાધનમાં વિશેષ ઉદ્યમ રાખવા સચોટ ઉપદેશ આપ્યો હતો.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સમાજના મહાન્ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ

જૈન દર્શનની મહાન વિભૂતિ, મિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરનાર દીપક સમાન, વિદ્વાન આચાર્યદેવ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ બ્હોળા પરિવારને, ચતુર્વિધ (સંઘને અપાર દિલગીરીમાં મૂકી) શ્રી મહાવીર ભગવાનના મોક્ષગમનને દિવસે જ સં. ૨૦૦૫ના આસો વદી ૩૦ના સાંજે સાત વાગે સમાધિપૂર્વક પોતાની



શ્રી વિજયનેમિસૂરિશ્વરજી મહારાજ

જન્મભૂમિ અને નિવાસસ્થાનમાં સ્વર્ગે સંચર્યા છે. ૭૭ વર્ષની વૃદ્ધ ઉમ્મરે આ જૈન સમાજને વિરહ થયેલ હોવા છતાં ભાવિમાં તેનું સ્મરણ રહ્યા વગર રહેશે નહિં. જન્મભૂમિમાં અને પોતાનાં જન્મસ્થાનમાં સ્વર્ગવાસ થવો અને બીજે દિવસે બેસતે વર્ષે જન્મદિવસ આવવો આ અલૌકિક ઘટના પણ આચાર્ય મહારાજના મહાનપણાને જ સૂચવે છે. આચાર્ય મહારાજનું શાસ્ત્રનું પૂર્ણજ્ઞાન, પ્રભાવશાળી વ્યાખ્યાન-શૈલી અને સત્યવસ્તુ માટે ધર્મ માટેની નિડરતા પણ નક્કર હતી, અને તેને લઇને રાજાઓ, અમાત્યો કે ધનાઢયો પણ તેઓશ્રીના તે ગુણો માટે અતિ પ્રશંસા કરતા હતા. તેમનો સંયમ, ત્યાગ, બ્રહ્મચર્ય વગેરે જ્વલંત હોવાથી પ્રતાપ, પ્રભાવ આદેય નામકર્મ સાથે અનુપમ હતા. પોતાના પરિવારના સાધુસાધ્વી મંડળના સંજમનું પાલન કરાવવામાં અને જ્ઞાનાભ્યાસ કરાવવામાં ઉગ્ર અને નિરંતર પ્રયત્નશીલ હતા, તેથી જ પોતાના પરિવારના મુનિમહારાજાઓ શુમારે સાત વિદ્વાન આચાર્યપદે નિયુક્ત થયેલા છે.

પંચમ કાળમાં જેની જ્યાં જરૂરીયાત હોય ત્યાં જૈન મંદિરોને નવા બનાવવા, જીર્ણોનો ઉદ્ધાર કરવો, તીર્થોની ભૂમિને પ્રકાશમાં લાવી પ્રગટ તીર્થ કરાવવા અને પ્રતિષ્ઠા, અંજનશલાકા, મહાસ્નાત્રો વગેરેનું શુદ્ધ વિધિવિધાન સાથે પૂર્ણ કરાવવું તે આચાર્યમહારાજનો મુખ્ય ધ્યેય હતો. આવા એક પ્રભાવશાળી, આચાર્યના સ્વર્ગવાસથી હિંદના જૈન સમાજને અત્યંતશોક થાય તે સ્વાભાવિક છે. ભાવિ ભાવ બળવાન છે, જન્મે તે પંચત્વને પામે છે પરંતુ જૈન સમાજના સ્થંભ સમાન એક મહાન્ ધર્મગુરુ જો કે પોતે તો સાધી ગયા છે પરંતુ જૈન સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. હવે આચાર્ય મહારાજના તે પવિત્ર આત્માને અખંડ, અક્ષય અને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેવી પરમાત્માની પ્રાર્થના કરીયે છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન બંધુઓ, બ્હેનો અને વાચકોએ જાણવા જેવું.

નીચે લખેલા ત્રણ વર્ષોમાં અમારા માનવંતા સભ્યોને મળેલા અનુપમ ગ્રંથોની ભેટનો લાભ.

| | | | |
|---|---|---|---|
| સંવત ૨૦૦૩ના વર્ષમાં............... | ૧ શ્રી સંઘપતિ ચરિત્ર | કિં. રૂ. | ૬-૮-૦ |
| | ૨ શ્રી મહાવીર ભગવાનના યુગની મહાદેવીઓ | ,, ,, | ૩-૮-૦ |
| સંવત ૨૦૦૪ના વર્ષમાં............... | ૧ શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, | ૧૫-૦-૦ |
| | ૨ શ્રી શાંતિનાથ ચરિત્ર | ,, ,, | ૭-૮-૦ |
| સંવત ૨૦૦૫ના વર્ષમાં............... | ૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર | ,, ,, | ૧૩-૦-૦ |
| | | કુલ રૂ. | ૪૫-૦-૦ |

એ મુજબ ત્રણ વર્ષમાં રૂ. ૪૫)નાં પુસ્તકો પેટ્રન સાહેબો અને પહેલા વર્ગનાં લાઇફ મેમ્બરોને ભેટ મળી ચુકયા છે. હજુ પણ બે માસ સુધીમાં રૂ. ૫૦) વધુ ભરી બીજા વર્ગમાંથી પહેલા વર્ગમાં આવનાર સભાસદને સં. ૨૦૦૫ની સાલની ભેટની બુક મળી શકશે. અને તે પછીના વરસોમાં જે જે ગુજરાતી પુસ્તકો છપાશે તે પણ ભેટ મળશે. માટે જેટલો વિલંબ કરવામાં આવે છે તે તે વરસોની ભેટનો અપૂર્વ લાભ ગુમાવે છે. સ્થિતિસંપન્ન બ્હેનો અને બંધુઓએ પણ વેળાસર લાઇફમેમ્બર થઇ બંને પ્રકારનો લાભ લેવા જેવું છે.

---

## આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ નિરંતર કેમ થતી જાય છે ?

આ સભા તરફથી દર વર્ષે સંપૂર્ણ કાર્યવાહી, સરવૈયું વગેરે સંપૂર્ણ પ્રમાણિકપણે રિપોર્ટ દ્વારા પ્રકટ થાય છે, તેમજ પેટ્રન સાહેબ અને લાઇફ મેમ્બરોને આત્મકલ્યાણના સાધન ( અને આર્થિક દૃષ્ટિએ પણ લાભ ) માટે કથા સાહિત્યના તીર્થંકર ભગવંતો, સતી માતાઓ અને સત્ત્વશાળી પુરૂષોના સુંદર સચિત્ર મ્હોટા ગ્રંથો છપાતાં દર વર્ષે માત્ર આ સભા જ ભેટ આપતી હોવાથી, નવા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોની ક્રમે ક્રમે અને દર માસે વૃદ્ધિ થતી જાય છે. દરેક જૈન બાઇ-બહેનોએ રૂ. ૧૦૧) ભરી પેલા વર્ગના લાઇફ મેમ્બર થઈ થતા દેવ, ગુરૂ, ધર્મ વગેરેના ભક્તિ-સેવાના ભાગીદાર થવા તેમજ અપૂર્વ સાહિત્યના સુંદર પ્રકટ ગ્રંથોનો લાલ લેવા ભૂલવા જેવું નથી.

નવા થયેલા અને હવે પછી નવા થનારા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના સભાસદોને નીચે મુજબ છપાતાં ગ્રંથો જે કે માગશર માસ સુધીમાં માસ સુધી સંપૂર્ણ છપાઇ જવા સંભવ છે તે ત્રણ ગ્રંથો **૧ શ્રી દમયંતી ચરિત્ર** સચિત્ર ૩૫૦ પાનાનો પૂર્વાચાર્ય શ્રી માણિકયદેવસૂરિ કૃત, **૨ શ્રી જ્ઞાનપ્રદીપ** ભાગ ૨જો, શુમારે ૩૬૫ પાનાનો, **૩ આદશ જૈન સ્ત્રી રત્નો** બીજો ભાગ શુમારે ૧૬૫ પાનાનો એ મનનપૂર્વક વાંચવા જેવા અને સુંદર છે.

---

## આ વર્ષમાં નવા થનારા લાઇફ મેમ્બરોને તૈયાર થતાં નીચેના ત્રણ ગ્રંથો ભેટ.

૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર ( સચિત્ર ) ૨ જ્ઞાનપ્રદીપ બીજો ભાગ. ૩ **આદર્શ જૈન સ્ત્રીરત્નો** ( સતી માતાઓના નવા સુંદર ચરિત્રો ) એ ત્રણ ગ્રંથો સંવત ૨૦૦૬ ની સાલમાં નવા થનારા પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને ભેટ આપવામાં આવશે. જેથી સ્થિતિસંપન્ન જૈન બ્હેનો અને બંધુઓ સભાસદ થઇ લાભ લેવા જેવું છે. વિલંબ થતાં સારા, સુંદર, સચિત્ર, મ્હોટા ગ્રથોના ભેટનો લાભ જતો કરવા જેવું નથી.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. ( બાઇન્ડીંગ થાય છે. )

### શ્રી માણિકયચંદ્રદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહાત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું. તેનો શુદ્ધ અને સરળ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભકિત, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્‌ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે.

---

## શ્રીમાન્ હરિભદ્રસૂરિવિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

( મૂળ અને મૂળ ટીકાનાં શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત )

આ ગ્રંથના મૂળ કર્ત્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, મોક્ષનું સ્વરૂપ અને તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે, અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિ ધર્મને વિસ્તારપુર્વક પ્રતિપાદન કરનાર આ ગ્રંથ છે. જે વાંચક જૈન ધર્મના આચાર, વર્તન, નીતિ, વિવેક અનેક વિષયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યોને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ સ્વકર્તવ્યના યથાર્થ-સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃત્તિ છે. સુમારે ૩૫૦ પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૩) પોસ્ટેજ જુદું.

---

### અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું અને છપાતાં ગ્રંથો.

૧. કથા રત્નકોષ, ગુજરાતી ભાષાંતર    ૨. શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ( સચિત્ર ).
ગ્રંથ ૧ અને ૨માં આર્થિક મદદની જરૂર છે.

---

યોજનામાં:—૧ શ્રી સોમપ્રભાચાર્ય કૃત શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર )

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only